RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 407 Dt. 23-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### નેપાળ-ભૂટાન બાદ હવે મોરિશિયસ સાથે મોટો વેપાર

# ભારત પેટ્રોલ-ડીઝલનો મુખ્ય સપ્લાયર

### ભારત-મોરિશિયસ વચ્ચે ૫ વર્ષનો ઐતિહાસિક કરારઃ IOC પૂરતી કરશે બળતણની જરૂરિયાતો





નવી દિલ્હી, તા.૨૨

ભારત અને મોરિશિયસ વચ્ચે ઊર્જા અને પેટ્રોલિયમ ક્ષેત્રે દ્વિપક્ષીય સહયોગ વધુ એક નવા શિખરે પહોંચ્યો છે. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (IOC) દ્વારા મોરિશિયસની પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF) સહિતની તમામ આયાત જરૂરિયાતોને આગામી પાંચ વર્ષ સુધી અવિરતપણે પૂરી કરવા માટે એક લાંબા ગાળાના ખરીદ-વેચાણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ મહત્વપૂર્ણ સમજૂતીથી મોરિશિયસ જેવા ટાપુ રાષ્ટ્રને બળતણની પૂરતી, સલામત અને નિશ્ચિત સપ્લાય મળી રહેશે, જે વૈશ્વિક બજારમાં કિંમતોમાં થતા અસ્થિર ઉતાર-ચઢાવ સામે મોરિશિયસ માટે મોટું આર્થિક સુરક્ષા કવચ સાબિત થશે.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીની મોરિશિયસની બે દિવસીય ઉચ્ચ સ્તરીય સત્તાવાર મુલાકાત દરમિયાન આ ઐતિહાસિક કરારો સંપન્ન થયા હતા. આ વિશેષ કાર્યક્રમમાં મોરિશિયસના વડાપ્રધાન નવીનચંદ્ર રામગુલામ પણ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. મોરિશિયસની સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન (STC) સાથે થયેલો આ કરાર માત્ર ઇંધણના વેપાર પૂરતો સીમિત નથી, પરંતુ તેમાં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનો સમાવેશ કરાયો છે. જેમાં મોરિશિયસના સ્થાનિક અધિકારીઓ માટે વિશેષ તાલીમ, કેપેસિટી બિલ્ડિંગ (ક્ષમતા નિર્માણ) તેમજ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગ્રીન એનર્જી અને બાયોફ્યુઅલ સેક્ટરમાં પરસ્પર ટેકનિકલ સહયોગ આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

વર્તમાન સમયમાં ભારત વાર્ષિક ૨૬૭ મિલિયન ટન રિફાઇન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનોના વિશાળ ઉત્પાદન સાથે વૈશ્વિક સ્તરે રિફાઇન્ડ બળતણનો અગ્રણી નિકાસકાર દેશ બની ગયો છે. ભારત સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તાજેતરના વર્ષોમાં દક્ષિણ એશિયાના સીમાડાઓ ઓળંગથીને બહારના ક્ષેત્રમાં કોઈ પણ ભારતીય પીએસયુ (PSU) ઓઇલ માર્કેટિંગ કંપની દ્વારા કરવામાં આવેલો આ સૌથી મોટો અને દીર્ઘકાલીન સપ્લાય કરાર છે. અગાઉ પડોશી દેશો નેપાળ અને ભૂટાન સાથે ઊર્જા ક્ષેત્રે સફળ ભાગીદારી સ્થાપિત કર્યા બાદ, હવે મોરિશિયસ સાથે થયેલી આ વ્યાપક ડીલ હિંદ મહાસાગરીય ક્ષેત્રમાં ભારતની વધતી જતી આર્થિક તાકાત, ક્ષેત્રિય નેતૃત્વ અને મજબૂત વ્યૂહાત્મક સંબંધોની સાક્ષી પૂરે છે.

# અમેરિકામાં ગુજરાતી વેપારીની હત્યા

### ટેનેસી રાજ્યના જેક્સનમાં બની ગોઝારી ઘટના : લૂંટારૂએ ગન પોઈન્ટ પર હુમલો કરી વેપારીને મોતને ઘાટ ઉતાર્યા



નવી દિલ્હી, તા.૨૧

અમેરિકાના ટેનેસી રાજ્યના જેક્સનમાં લૂંટની એક અત્યંત દુઃખદ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં લૂંટની ઘટનાને અંજામ આપવા માટે સ્ટોરમાં ઘૂસેલા એક અજાણ્યા બુકાનીધારી શખ્સે અંધાધૂંધ ગોળીબાર કરી મહેસાણાના એક ગુજરાતી વેપારીની હત્યા કરી દીધી છે. આ ગોળીબારમાં ૫૬ વર્ષીય વેપારી સુરેશભાઈ પટેલનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયું છે, જેના કારણે મૃતકના પરિવાર અને વતનમાં શોકની કાળી છવાઈ ગઈ છે.

મળતી માહિતી મુજબ, ગુરુવારે રાત્રે આશરે ૯ વાગ્યાની આસપાસ જેક્સનના રિજક્રેસ્ટ સેલર્સ સ્ટોરમાં એક અજાણ્યો શખ્સ હથિયાર સાથે ઘૂસી આવ્યો હતો અને ગન પોઈન્ટ પર લૂંટ ચલાવી હતી. લૂંટારૂને રોકડ રકમ આપી દીધી હોવા છતાં પણ તેણે અંધાધૂંધ ફાયરિંગ ચાલુ રાખ્યું હતું. આ હુમલામાં સ્ટોરમાં હાજર સુરેશભાઈ પટેલને ગંભીર ઇજાઓ થવાથી તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે મૃતક સુરેશભાઈ પટેલ મૂળ ગુજરાતના મહેસાણા જિલ્લાના આખજાગામના વતની હતા.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ લૂંટ સમયે ગ્રે હૂડી, જીન્સ અને કાળા બૂટ પહેર્યા હતા અને તેણે ચહેરા પર બુકાની બાંધી હતી. પોલીસે સ્ટોરના સીસીટીવી (ઈઈઝટ) કેમેરાના ફૂટેજ મેળવી લીધા છે અને આ ટેક્નિકલ પુરાવા તથા અન્યસૂત્રોના આધારે ફરાર આરોપીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# જયપુરમાં NTAની ગંભીર બેદરકારી

### ‘ઓલ ઈન્ડિયા આયુષ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રી ટેસ્ટ’ દરમિયાન વીજળી ગુલ થતા બેફામ નકલનો માહોલ, ફરીથી પરીક્ષા લેવા નિર્ણય



નવી દિલ્હી, તા.૨૨

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા આયોજિત વધુ એક પરીક્ષામાં ગેરવ્યવસ્થાના કારણે હોબાળો મચ્યો છે. આ મામલો જયપુરમાં યોજાયેલી 'ઓલ ઈન્ડિયા આયુષ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રી ટેસ્ટ' (AIAPGET) નો છે. અહીંના સત્ય સાઈ કોલેજ કેન્દ્ર પર પ્રથમ શિફ્ટની પરીક્ષા દરમિયાન અચાનક વીજળી ગુલ થઈ ગઈ હતી, જેના કારણે પરીક્ષા આપી રહેલા ઉમેદવારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

પરીક્ષાર્થીઓએ આરોપ લગાવ્યો કે, વીજળી ગુલ થવા દરમિયાન પરીક્ષાની ગોપનીયતા ખોરવાઈ હતી. તેમનો દાવો છે કે, અંધારામાં પ્રશ્નપત્રને લઈને વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા શરૂ થઈ ગઈ હતી, જેથી એક રીતે ચોરી (નકલ)ની સ્થિતિ ઊભી થઈ ગઈ હતી. ઉમેદવારોનું કહેવું છે કે, બાદમાં વધારાનો સમય આપવાથી તે વિદ્યાર્થીઓને કોઈ વાસ્તવિક ફાયદો થયો નથી, જેમણે અગાઉથી પરીક્ષા પૂર્ણ કરી લીધી હતી.

ઉમેદવારોએ પ્રથમ શિફ્ટની પરીક્ષા રદ કરીને નવેસરથી યોજવાની માંગ કરી હતી. જાણકારી મુજબ સવારે ૧૦:૨૦ વાગ્યે પાવર કટ થયો હતો. જનરેટર શરૂ કરવામાં સમય લાગતાં પરીક્ષા પ્રભાવિત થઈ હતી. આ મામલે સખત સંજ્ઞાન લેતા NTA એ સોશિયલ મીડિયા ડ પર પોસ્ટ કરીને જાણકારી આપી કે, AIAPGET પરીક્ષા ૨૨ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ દેશભરના ૨૦૦ કેન્દ્રો પર ૩૫,૮૩૭ ઉમેદવારો માટે યોજાઈ હતી, જેમાંથી ૩૫,૭૮૮ ઉમેદવારો સફળતાપૂર્વક પરીક્ષા આપી શક્યા હતા. પરંતુ જયપુરના શ્રી સત્ય સાઈ પીજી કોલેજ કેન્દ્ર પર ૧૯૨ માંથી ૪૯ ઉમેદવારો વીજળી ગુલ થવાના કારણે પરીક્ષા પૂર્ણ કરી શક્યા નહોતા. આ ખામી એજન્સી M/S Eduquity Career Technologies Private Limited ના સ્તરે થઈ હતી.

NTA એ અસરગ્રસ્ત ઉમેદવારોને પડેલી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી છે, અને આ ઉમેદવારો માટે ફરીથી પરીક્ષા યોજવાની જાહેરાત કરી છે. હવે આ પરીક્ષા ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સવારે ૧૦ વાગ્યે રાજસ્થાન કોલેજ ઓફ એન્જિનિયરિંગ ફોર વુમેન, જયપુર ખાતે યોજાશે. આ માટે નવેસરથી એડમિટ કાર્ડ જારી કરવામાં આવશે.

### ૪ વર્ષથી નાના બાળકો માટેની દવાઓ આપતા માતા-પિતા સાવધાન

# કફ-એલર્જીની દવાઓ પર પ્રતિબંધ



નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્ર સરકારે નાના બાળકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેના અંતર્ગત શરદી, ઉધરસ અને એલર્જીની સારવારમાં વપરાતી ચોક્કસ દવાઓ (ફિક્સ્ડ-ડોઝ કોમ્બિનેશન - FDC) પર કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના નવા આદેશ મુજબ, Chlorpheniramine Maleate અને Phenylephrine Hydrochlorideના મિશ્રણથી બનતી દવાઓ હવે ૪ વર્ષથી નાની ઉંમરના બાળકોને આપી શકાશે નહીં. આ પ્રકારની તમામ દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સાથે જ, દવા બનાવતી કંપનીઓ માટે તેમના પેકિંગ, લેબલ, બોક્સમાં મૂકાતા માહિતીપત્રક (Package Insert) અને પ્રચાર સામગ્રી (Promotional Material) પર '૪ વર્ષથી નાના બાળકો માટે ઉપયોગ કરવો નહીં' તેવી સ્પષ્ટ વૈધાનિક ચેતવણી ફરજિયાતપણે છાપવાનો આદેશ જારી કરાયો છે. તમામ સિરપ, ડ્રોપ્સ કે અન્ય બનાવટો પર એકસમાન રીતે લાગુ થશે આ નિયમ આ બંને દવાઓનું મિશ્રણ હોય તેને લાગશે.

આ દવાનું કોમ્બિનેશન સામાન્ય રીતે બંધ નાક, વહેતું નાક, છીંક આવવી, એલર્જી અને સામાન્ય ફ્લૂના લક્ષણોમાંથી તુરંત રાહત મેળવવા માટે વ્યાપકપણે આપવામાં આવતું હતું. જોકે, નિષ્ણાતોની કમિટી અને ડ્રગ્સ ટેકનિકલ એડવાઇઝરી બોર્ડ (DTAB) એ પોતાની સમીક્ષામાં નોંધ્યું હતું કે શિશુઓ અને ૪ વર્ષથી નાની વયના બાળકોમાં આ દવાઓનો ઉપયોગ ગંભીર આડઅસરો અને સ્વાસ્થ્ય જોખમો ઊભા કરી શકે છે. નિષ્ણાતોના મતે આ વયજૂથના બાળકો માટે બજારમાં અન્ય સુરક્ષિત વિકલ્પો ઉપલબ્ધ હોવાથી, આ હાઇ-રિસ્ક કોમ્બિનેશનના અંધાધૂંધ વપરાશ પર રોક લગાવવી અત્યંત જરૂરી હતી. અગાઉ આ પ્રતિબંધ અમુક જ દવાઓ સુધી મર્યાદિત હતો, પરંતુ હવે સરકારે આવી તમામ કોમ્બિનેશન ધરાવતી દવાઓને આ નિયમ હેઠળ આવરી લીધી છે.

કેન્દ્ર સરકારે આ સખત પગલું ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ ની કલમ ૨૬અ (Section 26A) હેઠળ મળેલા અધિકારોનો ઉપયોગ કરીને ઉઠાવ્યું છે. આ આદેશ સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત થવાની સાથે જ સમગ્ર દેશમાં તાત્કાલિક અસરથી લાગુ થઈ ગયો છે. દવાની તમામ ઉત્પાદક કંપનીઓ, ડિસ્ટ્રીબ્યુટર્સ અને રિટેલરોને આ માર્ગદર્શિકાનું સખતપણે પાલન કરવા તાકીદ કરવામાં આવી છે. જો કોઈ પણ ઉત્પાદક કે વિક્રેતા આ નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેમની સામે ડ્રગ્સ એક્ટ હેઠળ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# બંગાળની ખાડીમાં શીપની જળસમાધી

### ૨૪ ક્રૂ મેમ્બર્સ સાથે સિંગાપોર જઈ રહેલા પનામા ફ્લેગ કાર્ગો શિપને નડી દુર્ઘટના



નવી દિલ્હી, તા.૨૨

ઓડિશાના પારાદ્વીપ બંદરથી સિંગાપોર જઈ રહેલું પનામાનું માલવાહક જહાજ 'ખટ ઓશન વિનર' ઓડિશા કિનારેથી ૨૪૦ નોટિકલ માઈલ દૂર બંગાળની ખાડીમાં ડૂબી ગયું છે. આ જહાજ પર ૨૪ ક્રૂ મેમ્બર્સ સવાર હતા અને તે ઓડિશાથી આયર્નનો જથ્થો લઈને સિંગાપોર તરફ જઈ રહ્યું હતું. જહાજ ડૂબવાની માહિતી મળતાની સાથે જ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ અને ઈન્ડિયન નેવી દ્વારા સંયુક્તપણે બચાવ કામગીરી (રેસ્ક્યુ ઓપરેશન) હાથ ધરવામાં આવી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, જહાજ શુક્રવારે ઓડિશા કિનારેથી રવાના થયું હતું. આ દુર્ઘટનામાં હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે કેટલા ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત બચાવી લેવાયા છે. એવું જાણવા મળ્યું છે કે જહાજ પર સવાર મોટાભાગના ક્રૂ મેમ્બર્સ ચીની નાગરિકો છે.

આસપાસના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થઈ રહેલા અન્ય જહાજોને પણ તંત્ર દ્વારા એલર્ટ કરી દેવામાં આવ્યા છે અને બચાવ કામગીરીમાં સહકાર આપવા માટે જણાવાયું છે.

# હાફિઝ સઈદને સમન્સ પાઠવશે NIA

### સઈદ વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ પણ જાહેર : ગેરહાજરીમાં પણ કેસ ચલાવવાની જોગવાઈ



નવી દિલ્હી, તા.૨૨

NIA દ્વારા પહલગામ આતંકી હુમલા કેસમાં પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના સ્થાપક હાફિઝ સઈદને સમન્સ મોકલાશે. વિદેશ મંત્રાલય મારફતે જમ્મુની સ્પેશિયલ ગઈઅ કોર્ટમાં હાજર થવા આદેશ કરાયો છે. સઈદ વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ પણ જાહેર કરાયું છે. તેની ગેરહાજરીમાં પણ કેસ ચલાવવાની જોગવાઈ છે. સઈદ પર ભારત સામે યુદ્ધ છેડવાનો આરોપ છે.

પહલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલાના કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા મોટી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કેસમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના સ્થાપક અને મુખ્ય કાવતરાખોર આતંકવાદી હાફિઝ સઈદને સમન્સ મોકલવામાં આવશે.

NIA દ્વારા આ સમન્સ વિદેશ મંત્રાલય મારફતે મોકલવામાં આવશે, જેમાં હાફિઝ સઈદને કેસની સુનાવણી માટે જમ્મુ સ્થિત સ્પેશિયલ NIA કોર્ટ સમક્ષ હાજર થવા આદેશ આપવામાં આવ્યો છે. સ્પેશિયલ કોર્ટે સઈદ વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ પણ જાહેર કર્યું છે. NIA દ્વારા તેને આ હુમલાના મુખ્ય માસ્ટરમાઇન્ડ્સમાંનો એક દર્શાવવામાં આવ્યો છે.જો હાફિઝ સઈદ કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા પછી પણ કોર્ટ સમક્ષ હાજર નહીં થાય, તો જમ્મુ કોર્ટ તેની ગેરહાજરીમાં પણ કાર્યવાહી આગળ વધારી શકે છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૩૫૬ હેઠળ એવી જોગવાઈ છે કે જો કોઈ જાહેર કરાયેલો ગુનેગાર ટ્રાયલથી બચી રહ્યો હોય અને તેની તાત્કાલિક ધરપકડની કોઈ શક્યતા ન હોય, તો તેની ગેરહાજરીમાં પણ પૂછપરછ, ટ્રાયલ અને ચુકાદો જાહેર કરી શકાય છે.

NIA દ્વારા જુલાઈમાં દાખલ કરવામાં આવેલી પૂરક ચાર્જશીટમાં હાફિઝ સઈદનું નામ આરોપી તરીકે નોંધવામાં આવ્યું છે. તેને વ્યક્તિગત ક્ષમતામાં તેમજ પ્રતિબંધિત સંગઠન લશ્કર-એ-તૈયબા અને તેના પ્રોક્સી સંગઠન 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ'ના વડા તરીકે આરોપી બનાવવામાં આવ્યો છે. સઈદ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ અને UAPA હેઠળ ગુના નોંધવામાં આવ્યા છે. તેમાં ભારત સામે યુદ્ધ છેડવું અને પાકિસ્તાનથી આતંકી હુમલાનું કાવતરું ઘડવાના ગંભીર આરોપો સામેલ છે.



# કોડીનાર બનશે 'શ્રીહરિકોટા'

## સૌરાષ્ટ્રમાં આકાર લેશે દેશનું નવું સ્પેસ લોન્ચિંગ સ્ટેશન : સાયન્સ સિટી ખાતે સ્પેસ ફેસ્ટિવલમાં વિજ્ઞાન-ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઐતિહાસિક જાહેરાત

ગાંધીનગર, તા. ૨૨

સૌરાષ્ટ્ર હવે અવકાશ ક્ષેત્રે ઐતિહાસિક હરણફાળ ભરવા જઈ રહ્યું છે. અમદાવાદના સાયન્સ સિટી ખાતે આયોજિત ત્રણ દિવસીય 'સ્પેસ ફેસ્ટિવલ'ના ઉદઘાટન સમારોહમાં રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના કોડીનાર નજીક એક અત્યાધુનિક સ્પેસ લોન્ચિંગ સ્ટેશન (સ્પેસપોર્ટ) બનાવવાની કામગીરી ચાલી રહી છે. રાજ્ય સરકાર ગુજરાતને અવકાશ વિજ્ઞાનમાં અગ્રેસર બનાવવા અને સેટેલાઇટ નિર્માણ માટે મહત્વની આર્થિક અને માળખાકીય સહાય પૂરી પાડી રહી છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગીર અને કોડીનાર વચ્ચેની દરિયાઈ પટ્ટી અવકાશ સંબંધિત પ્રવૃત્તિઓ માટે ભૌગોલિક રીતે અત્યંત અનુકૂળ છે. હાલમાં આ ડ્રીમ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કામાં છે અને પસંદ કરાયેલા સ્થળ પર ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) ના સહયોગથી ટેકનિકલ પાસાઓનું ઝીણવટભર્યું પૃથ્થકરણ કરવામાં આવી રહ્યું છે. નોંધનીય છે કે, હાલ ભારતનું મુખ્ય સ્પેસપોર્ટ આંધ્રપ્રદેશનું 'શ્રીહરિકોટા' છે, જ્યારે તમિલનાડુના કુલશેખરપટ્ટનમ ખાતે નવું સ્પેસપોર્ટ નિર્માણાધીન છે. હવે આ પ્રતિષ્ઠિત યાદીમાં ગુજરાતના કોડીનારનું નામ પણ સુવર્ણ અક્ષરે જોડાશે.

ગુજરાતમાં અવકાશ ક્ષેત્રે માત્ર સરકારી જ નહીં, પરંતુ ખાનગી કંપનીઓ પણ તેજ ગતિએ સક્રિય બની છે. વર્ષના પ્રારંભે ધોલેરા નજીક એક ખાનગી સ્ટાર્ટઅપ દ્વારા સફળ રોકેટ લોન્ચ કરવામાં આવ્યું હતું. હાલમાં રાજ્યમાં ૨૦થી વધુ સ્ટાર્ટઅપ્સ અને સંસ્થાઓ સ્પેસ ટેકનોલોજીમાં સઘન કાર્ય કરી રહી છે. આ ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે અમદાવાદ નજીક ખોરાજ ખાતે સ્પેસ ટેકનોલોજી માટે 'સ્પેશિયલ ઝોન' પણ જાહેર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગત માર્ચ મહિનામાં વિધાનસભા સત્ર દરમિયાન પણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ સ્પેસપોર્ટ માટે સ્થળ પસંદગી થઈ ગઈ હોવાનો સંકેત આપ્યો હતો, જે સંકલ્પ હવે સાકાર થઈ રહ્યો છે.

### દિવ્યાંગજનો માટે ગુજરાત સરકારનો સંવેદનશીલ નિર્ણય

# સાઈડ કારવાળી મોટરસાઈકલના રજિસ્ટ્રેશનને લીલીઝંડી

## સન્માનપૂર્ણ મોબિલિટી અને સ્વાવલંબનનો ઉદ્દેશ: તમામ RTOને કેન્દ્રની માર્ગદર્શિકાના પાલનનો આદેશ

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં શારીરિક અને મનો-દિવ્યાંગજનોની ગતિશીલતા, સ્વાવલંબન અને સુરક્ષિત પરિવહનને પ્રોત્સાહન આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં એક અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા એક વિશેષ પરિપત્ર જાહેર કરીને હવે સાઇડકાર જોડાયેલી મોટરસાઇકલના રજિસ્ટ્રેશન તથા તેમાં જરૂરી ફેરફાર કરવાને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. આ નવી વ્યવસ્થાનો મુખ્ય હેતુ દિવ્યાંગજનોને વધુ સલામત, સુગમ અને સન્માનપૂર્ણ મુસાફરી ઉપલબ્ધ કરાવવાનો છે. રાજ્યની તમામ આરટીઓ (RTO) અને એઆરટીઓ (ARTO) કચેરીઓએ હવેથી કેન્દ્ર સરકારની આ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.




અત્યાર સુધી યોગ્ય વાહનના અભાવે દિવ્યાંગજનોને પડતી હાલાકીનો હવે અંત આવશે. શારીરિક દિવ્યાંગજનો માટે કેન્દ્ર સરકારના માર્ગદર્શક ધોરણો મુજબ સાઇડકારવાળી મોટરસાઇકલને મંજૂરી મળવાથી તેઓ સમાજમાં વધુ સમાન તકો મેળવી શકશે. સાઇડકાર જોડાયેલા વાહન થકી દિવ્યાંગ વ્યક્તિ પોતાના દૈનિક જીવનની જરૂરિયાતો હવે કોઈપણ અવરોધ વિના, વધુ સરળતાથી પૂર્ણ કરી શકશે અને ખરા અર્થમાં આત્મનિર્ભર બનશે.

આ નિર્ણયની સૌથી આવકારદાયક બાબત એ છે કે, તેમાં મનો-દિવ્યાંગ (માનસિક રીતે દિવ્યાંગ) વ્યક્તિઓને પણ આવરી લેવાયા છે અને તેમના માટે સાઇડકાર જોડાયેલી મોટરસાઇકલના રજિસ્ટ્રેશન અંગે કેટલીક સ્પષ્ટ શરતો નક્કી કરવામાં આવી છે. મનો-દિવ્યાંગ વ્યક્તિ માટે વાહનનું સંચાલન તેમના કાયદેસરના વાલી અથવા તેમની જાણ અને સંમતિથી કોઈ અધિકૃત વ્યક્તિ દ્વારા જ કરવાનું રહેશે.વાહન ચલાવનાર વાલી કે અધિકૃત વ્યક્તિ પાસે સંબંધિત વર્ગનું માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ હોવું ફરજિયાત છે.તેમજ વાહનની માલિકી, વાલીપણું, મુસાફરની સલામતી, ઝડપ મર્યાદા અને અન્ય તમામ કાયદાકીય બાબતોને ધ્યાનમાં રાખીને જ આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# દર ૫૦ કિ.મી.એ ટ્રોમા સેન્ટર કેમ નથી? HC

## હાઈવે પર અકસ્માત નિયમોના ઉલ્લંઘન મુદ્દે હાઈકોર્ટ લાલચોળ



ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર સર્જાતા અકસ્માતો સમયે ઈજાગ્રસ્તોને 'ગોલ્ડન અવર'માં તાત્કાલિક મેડિકલ સારવાર અને રેસ્ક્યુ સુવિધા પૂરી પાડવા મુદ્દે ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. સુનાવણી દરમિયાન એ બાબત સામે આવી હતી કે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયની ગાઈડલાઈન્સ મુજબ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર અકસ્માત પીડિતો માટે દર ૫૦ કિલોમીટરની અંદર ટ્રોમા સુવિધા અને દર ૧૦૦ કિલોમીટરે લેવલ-૪ કક્ષાનું ડેઝિગ્નેટેડ ટ્રોમા સેન્ટર હોવું ફરજિયાત છે. આમ છતાં, હાઈવે પર તાલીમબદ્ધ પેરામેડિકલ સ્ટાફ ધરાવતી એમ્બ્યુલન્સ તેમજ ક્રેન અને કટર જેવાં અદ્યતન રેસ્ક્યુ સાધનો તૈનાત કરવાના નિયમોનું યોગ્ય રીતે પાલન થતું ન હોવાનું કોર્ટના ધ્યાને આવ્યું છે.

### તકનીકી રેસ્ક્યુને કારણે થતા મૃત્યુ અંગે કોર્ટની ગંભીર ચિંતા

હાઈકોર્ટે સુનાવણી દરમિયાન ખાસ ચિંતા વ્યક્ત કરતાં નોંધ્યું હતું કે જ્યારે અકસ્માત સર્જાય છે ત્યારે ઈજાગ્રસ્તોને ભંગાર થઈ ગયેલા વાહનોમાંથી અયોગ્ય કે બિન-તકનીકી રીતે ખેંચીને બહાર કાઢવામાં આવે છે. આ રીતે બહાર કાઢતી વખતે હાડકાના ફ્રેક્ચરને કારણે દર્દીને એમ્બોલિઝમ (ઊળબજ્ઞહશતળ) થઈ જવાનો ભય રહે છે, જેનાથી દર્દીનું સ્થળ પર જ કે ગણતરીની મિનિટોમાં મોત નીપજે છે. આવા કિસ્સાઓમાં પાછળથી ડોક્ટરો પણ કોઈ મદદ કરી શકતા નથી. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે હાઈવે પર માત્ર ટ્રોમા સેન્ટર કે હોસ્પિટલ જ પૂરતાં નથી, પરંતુ ઈજાગ્રસ્તોને સહીસલામત રીતે વાહનમાંથી બહાર કાઢી શકે તેવી નિષ્ણાત રેસ્ક્યુ ટીમો અને યોગ્ય સાધનો ઉપલબ્ધ હોવા અત્યંત જરૂરી છે.

### હાઈવે ઓથોરિટીને સોગંદનામું રજૂ કરવા અને બ્લેક સ્પોટ્સ દૂર કરવા આદેશ

આ સમગ્ર મામલે કડક કાર્યવાહી કરતા હાઈકોર્ટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ગઈઅઈ) ને ભરૂચ-સુરત-દહીસર હાઈવે કોરિડોર તેમજ સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી અને જૂનાગઢ હાઈવે સ્ટ્રેચ પર હાલમાં ઉપલબ્ધ ટ્રોમા સુવિધાઓ તથા એમ્બ્યુલન્સ અંગેનો વાસ્તવિક રિપોર્ટ સોગંદનામા પર રજૂ કરવા આદેશ આપ્યો છે. આ ઉપરાંત, અત્યાર સુધી નોંધાયેલા અકસ્માતોનો ડેટા ગઈઅઈ ના વેબપેજ પર જાહેર કરવા અને હાઈવે પર વારંવાર અકસ્માત નોતરતા 'બ્લેક સ્પોટ્સ' સત્વરે દૂર કરવા પણ ટકોર કરવામાં આવી છે. આ કેસની વધુ સુનાવણી આગામી ૧૮મી તારીખે હાથ ધરવામાં આવશે.

### સાત વર્ષ બાદ સિંહોની 'સોલો સફર' પર મહોર

# હિંગોળગઢ-રામપરા બન્યો નવો કોરિડોર

## ભવિષ્યમાં ગીરના વિસ્તરણ માટે ૧૫૦ કિમીનો આ નવો કોરિડોર અત્યંત મહત્વનો સાબિત થશે

ગાંધીનગર, તા.૨૨

એશિયાટિક સાવજોની વસ્તી ધરાવતા એકમાત્ર ગીર અભયારણ્યમાં હવે સિંહોની સંખ્યા વધતા જગ્યા ટૂંકી પડી રહી છે. પરિણામે, સિંહો અન્ય વિસ્તારોમાં અવરજવર કરવા લાગ્યા છે અને રાજકોટ સુધી પહોંચી ગયાના કિસ્સા પણ નોંધાયા છે. આ સ્થિતિ વચ્ચે વાઇલ્ડ લાઇફ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા (ઠઈઈ) તથા ગુજરાત વન વિભાગ દ્વારા સિંહોના વિહાર માટે ૧૫૦ કિલોમીટર લાંબા નવા કોરિડોરની ઓળખ કરવામાં આવી છે. શેત્રુંજીથી વાયા હિંગોળગઢ થઈને રામપરા સુધીનો આ પટ્ટો સિંહોની 'સોલો સફર' માટેનો નવો કોરિડોર બન્યો છે. ખાસ કરીને રાજકોટના હિંગોળગઢથી સુરેન્દ્રનગરના રામપરા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે, જે સિંહો માટે નવું કાયમી વસવાટ સ્થળ બની શકે છે.

સિંહોની સોલો સફર કોઈ નવી વાત નથી. નવેમ્બર ૨૦૧૯માં એક સિંહ ૧૦૦ કિલોમીટરનું અંતર કાપીને રામપરા સુધી આવી ગયો હતો. જો કે, ત્યારે કાયમી વસવાટની સ્થિતિ બની ન હતી, પરંતુ નિષ્ણાતોનું માનવું હતું કે આ મુવમેન્ટ નવા વસવાટની શોધનો જ એક ભાગ છે. તાજેતરમાં રાજ્યસભામાં પણ કેન્દ્રના વન-પર્યાવરણ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયાએ સિંહોની મુવમેન્ટના જે ૧૧ કોરિડોરની ઓળખ કરી છે, તેમાંથી બે પટ્ટા ઘણા મોટા છે અને ગીર ક્ષેત્રની બહાર સિંહોના વસવાટ માટે સાનુકૂળતા સૂચવે છે. શેત્રુંજીથી હિંગોળગઢ અને ત્યાંથી રામપરાનો રૂટ આ ૧૧ પૈકીનો સૌથી મહત્વનો કોરિડોર ગણાય છે.

રાજ્યના પ્રિન્સિપાલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ જયપાલસિંઘે જણાવ્યું હતું કે, ૨૦૧૯માં જસદણ અને રાજકોટમાં પ્રથમ વખત સિંહ દેખાયાની ઘટના નવા વસવાટની શોધ જ સૂચવતી હતી. હવે આ રૂટ કુદરતી કોરિડોર તરીકે વિકસિત થઈ રહ્યો છે. સમગ્ર રૂટ પરની વીડી (ઘાસિયા મેદાનો) સિંહો માટે અત્યંત અનુકૂળ છે. વન વિભાગ દ્વારા ખાતરી આપવામાં આવી છે કે આ કુદરતી કોરિડોરમાં કોઈ પણ પ્રકારનું અતિક્રમણ કે વિઘ્ન ઊભું થવા દેવાશે નહીં. રામપરા વીડી અને ચોટીલાના ઘાસાચ્છાદિત વિસ્તારોમાં નીલગાય જેવા પ્રાણીઓ પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી સિંહોને શિકાર માટે સેમી-કુદરતી વાતાવરણ મળી રહે છે.



### ૨૦૪૭ સુધીમાં સિંહોનો વ્યાપ ૫૦ હજાર ચોરસ કિલોમીટર થશે

વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સિંહો હવે સમગ્ર સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં વિહાર કરવા લાગ્યા હોવાથી આવા કોરિડોરનું મહત્વ ઘણું વધી જાય છે. કેન્દ્ર સરકારે પણ અગાઉ નોંધ્યું હતું કે એશિયાઇ સિંહો મુવમેન્ટ માટે કુદરતી કે સેમી-કુદરતી કોરિડોરનો ઉપયોગ કરતા હોય છે. ગીર ઉપરાંત મિતીયાળા, પનિયા, ગીરનાર અને બરડા જેવા વિસ્તારોમાં સિંહોની હાજરી જોવા મળી છે. હાલમાં સિંહોનો વ્યાપ ૩૫,૦૦૦ ચોરસ કિલોમીટરમાં પથરાયેલો છે, જે વધતી વસ્તી અને નવા કોરિડોરના નિર્માણને કારણે વર્ષ ૨૦૪૭ સુધીમાં ૫૦,૦૦૦ ચોરસ કિલોમીટર સુધી પહોંચી જવાની શક્યતા છે.

### કોંગ્રેસનો ચોંકાવનારો આક્ષેપ

# સંસ્કૃતના જુના પાઠ્યપુસ્તકોમાં નવા વર્ષનું સ્ટીકર મારી વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી

## શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાના રાજીનામાની માંગ સાથે ૨૦ દિવસમાં પુસ્તકો પરત ખેંચવા કોંગ્રેસનું અલ્ટીમેટમ



રાજકોટ, તા.૨૨

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને શિક્ષણ વિભાગની અક્ષમ્ય લાપરવાહીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ધોરણ ૬ અને ધોરણ ૮ના સંસ્કૃત વિષયના પુસ્તકોમાં વિપુલ પ્રમાણમાં ગંભીર ભૂલો હોવા છતાં, સુધારેલી નવી આવૃત્તિ છાપવાને બદલે જૂના પુસ્તકો પર વર્ષ ૨૦૨૬ના સ્ટીકરો લગાવીને વિદ્યાર્થીઓને પધરાવી દેવાનું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો સળગતો આક્ષેપ કરાયો છે. ધોરણ ૬ના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં ૫૨થી વધુ અને ધોરણ ૮ના પુસ્તકમાં ૧૦૦થી વધુ ગંભીર ભૂલો સામે આવી છે.

ડો. ભરતભાઈ કોયાણીની આરટીઆઈ અરજીના જવાબમાં સપ્ટેમ્બર ૨૦૨૫માં તંત્રએ ભૂલો સ્વીકારી વેબસાઈટ પર સુધારા અપલોડ કર્યા હતા, પરંતુ ભૌતિક પુસ્તકો સુધારાયા નહોતા. જૂન-જુલાઈ ૨૦૨૬માં રાજકોટ અને જૂનાગઢની સરકારી શાળાઓની મુલાકાત દરમિયાન સામે આવ્યું કે ૨૦૨૫ના ભૂલભરેલા જૂના પુસ્તકો પર જ '૨૦૨૬'નું સ્ટીકર મારીને ''નવા સુધારેલા પુસ્તકો'' તરીકે વહેંચી દેવાયા છે. લાખો વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય સાથે ચેડાં કરવા બદલ શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા તાત્કાલિક રાજીનામું આપે અથવા તેમને પદભ્રષ્ટ કરવામાં આવે.

સરકારી તેમજ ખાનગી શાળાઓમાંથી સ્ટીકરવાળા અને ભૂલભરેલા તમામ પુસ્તકો આગામી ૨૦ દિવસમાં પરત ખેંચી વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નવા સાચા પુસ્તકો પૂરા પાડવામાં આવે. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ૨૦ દિવસમાં યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો સમગ્ર રાજ્યમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર અને વ્યાપક આંદોલન છેડવામાં આવશે. વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી અને સરકારી નાણાંનો વ્યય થયો હોવાના આરોપસર કોંગ્રેસ પ્રતિનિધિ મંડળે રાજકોટ પોલીસ કમિશનર કચેરી ખાતે લેખિત અરજી આપી નિવેદન નોંધાવ્યું છે. આ ઉપરાંત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પણ પત્ર પાઠવી સમગ્ર કૌભાંડની ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરવામાં આવી છે.

તારીખ ૧૨ જુલાઈ અને ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાજકોટની સરકારી શાળા નંબર ૯૩ તેમજ રાજકોટ અને જૂનાગઢના રૈયા અને ઝાંઝરડા ગામની સરકારી શાળાઓની પ્રત્યક્ષ મુલાકાત લેતા જાણવા મળ્યું કે, બાળકોના હાથમાં ૨૦૨૫ના ભૂલ ભરેલા પુસ્તકો જ આપેલા છે, પરંતુ તેની ઉપર '૨૦૨૬'ની સાલનું સ્ટીકર મારીને તેને નવું પુસ્તક ખપાવી દેવાયું છે. આ અંગે ૧૯ જુલાઈ ૨૦૨૬ના રોજ રાજકોટ શહેર પોલીસ કમિશનરને લેખિત ફરિયાદ કરવામાં આવી હતી અને ૨૩ જુલાઈના રોજ મોટા મવા પોલીસ ચોકી ખાતે નિવેદન પણ નોંધાવાયું હતું. ૨૭ જુલાઈ ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ આ અંગે પત્ર લખવામાં આવ્યો હતો.

# CBDC યોજના ગરીબ લાભાર્થીઓ માટે આફત

## જાહેર વિતરણ વ્યવસ્થાને ડિજિટલ બનાવવા માટે લેવામાં આવેલી સિસ્ટમ સંપૂર્ણ નિષ્ફળ




રાજકોટ, તા .૨૨

કેન્દ્ર સરકારની અત્યંત મહત્વાકાંક્ષી 'સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી' યોજના ગરીબ રેશનકાર્ડ ધારકો અને વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો માટે આશીર્વાદરૂપ બનવાને બદલે ભારે હાલાકીનું કારણ બની રહી છે. ડિજિટલ પદ્ધતિથી અજાણ રેશનકાર્ડ ધારકો, તાલીમ વગરના દુકાનદારો અને પુરવઠા તંત્ર સાથે જોડાયેલી પંજાબ નેશનલ બેંક વચ્ચેના સંકલનના અભાવે સમગ્ર રાજ્યમાં અનાજ વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. જોકે, પ્રાથમિક અવસ્થામાં પા-પા પગલી ભરતી આ પદ્ધતિના અત્યારથી જ લેખાંજોખાં કરવા ન્યાયસંગત નથી, પરંતુ ગરીબ વર્ગના હિત સાથે જોડાયેલી આ સિસ્ટમ પૂરતી તૈયારી સાથે લાગુ કરવી જોઈતી હતી.

રાજ્યના લગભગ ૭૨ લાખથી વધુ નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળના રેશનકાર્ડ ધારકો, કે જેઓ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અને રાજ્ય સરકારની યોજનાઓ હેઠળ મફત તેમજ વ્યાજબી ભાવે અનાજ, કઠોળ, ખાંડ, મીઠું અને તેલ મેળવે છે, તેમને આ યોજના સાથે સીધા જોડી દેવાયા છે. મહિનાના મધ્યગાળામાં માત્ર સીબીડીસી મારફતે જ અનાજ મળે તેવી ફરજિયાત અને ખામીયુક્ત સિસ્ટમના કારણે લાભાર્થી, દુકાનદાર અને બેંક વચ્ચે રોજિંદો ઘર્ષણનો માહોલ ઊભો થયો છે.

જાહેર વિતરણ વ્યવસ્થાને ડિજિટલ બનાવવા માટે રેશનકાર્ડ ધારકોને વ્હાઈટલિસ્ટેડ કરવા અને CBDC મારફતે જ લાભ આપવા આગ્રહ રખાય છે. પરંતુ, જેની પર સંપૂર્ણ મદાર છે તેવી પંજાબ નેશનલ બેંક ટેકનિકલ કે વહીવટી રીતે સક્ષ્મ જણાતી નથી. તાલુકા કે જિલ્લા કક્ષાએ પુરવઠા વિભાગ દ્વારા કોઈ જવાબદાર અધિકારી કે તાલીમબદ્ધ કર્મચારીની નિયુક્તિ કરાઈ નથી, જે દુકાનદારોને યોગ્ય માર્ગદર્શન આપી શકે.દરેક ગરીબ રેશનકાર્ડ ધારક પાસે સ્માર્ટફોન હશે જ, તેવી ધારણા સાથે શરૂ કરાયેલી આ પદ્ધતિથી ખુદ લાભાર્થીઓ અજાણ છે. બીજી તરફ, તાલુકા કક્ષાએથી દબાણ લાવીને ગ્રાહકોના રેશનકાર્ડને 'CBDC એક્ટિવ' કરી દેવાની હોડ મચી છે. જમીની સ્તરે કોઈ જ તૈયારી વિના અધિકારીઓ દબાણની નીતિ અપનાવી રહ્યા છે, જેનો સીધો ભોગ દુકાનદારો બની રહ્યા છે.

કોઈપણ જાતના વધારાના મહેનતાણા વગર કામ કરાવી લેવાની નીતિથી કંટાળીને હવે દુકાનદારોએ કામગીરીનો નનૈયો ભણવાનું શરૂ કર્યું છે. અગાઉ આધાર સીડીંગ, ઈ-KYC અને સસ્પેક્ટેડ ડેટા જેવી કામગીરી પણ દુકાનદારો પર ઠોકી બેસાડાઈ હતી. સૌથી મોટી સમસ્યા ડ્ગઇના સર્વરની છે, જેમાં વારંવાર લોગઆઉટ થઈ જવું અને એરર્સ આવવાને કારણે ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે રોજબરોજ ઝઘડા થાય છે. અનાજ લેવા માટે ગરીબ માણસ રોજ ધક્કા ખાય છે અને દુકાનદાર લાચાર બની સર્વર ચાલુ થવાની રાહ જોતો બેસી રહે છે.

### સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ સહિત દેશભરના કાનૂનવિદો આપશે માર્ગદર્શન

# રાષ્ટ્રીય કક્ષાનો 'નેશનલ લીગલ સેમિનાર'

રાજકોટ, તા. ૨૨

રાજકોટ બાર એસોસિએશન દ્વારા કાલાવડ રોડ સ્થિત આત્મીય કોલેજ ખાતે રવિવારે સવારે ૯થી સાંજે ૬ વાગ્યા દરમિયાન રાષ્ટ્રીય કક્ષાના 'નેશનલ લીગલ સેમિનાર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વકીલોને વર્તમાન સમયના મહત્વપૂર્ણ કાનૂની વિષયો અંગે તજજ્ઞોનું માર્ગદર્શન મળી રહે તે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે. આ સેમિનારમાં સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના પૂર્વ ચીફ જસ્ટિસ ભૂષણ ગવઈ 'પ્રોફેશનલ એથિક્સ ઈન લીગલ પ્રેક્ટિસ' વિષય પર વિશેષ વક્તવ્ય આપશે. જ્યારે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ સુથાર જામીન મેળવવાની કાનૂની કાર્યવાહી અને તેના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડશે. આ ઉપરાંત, ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ આઈ. જે. વોરા અને જાણીતા સિનિયર કાઉન્સિલ સુધીરભાઈ નાણાવટી (જી.એલ.એસ. યુનિવર્સિટી) પણ પ્રેરક ઉપસ્થિતિ આપશે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્યો સતીશ દેશમુખ, સુરેશ શ્રીમાળી, ભૂષણ બારીક, ડી.કે. શર્મા અને પ્રશાંતસિંહ તેમજ બાર કાઉન્સિલ ગુજરાતના પૂર્વ ચેરમેન જે.જે. પટેલ જેવા અગ્રણી કાનૂનવિદો પણ હાજર રહેશે.

રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા, સેક્રેટરી નિલેશ પટેલ સહિત એસ.કે. જાડેજા, જયેન્દ્ર ગોંડલીયા, પ્રગતિ માકડીયા અને કેતન મંડની ટીમ દ્વારા આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં દિલીપભાઈ પટેલ તથા પરેશ મારુનું માર્ગદર્શન મળી રહ્યું છે. સેમિનારને સફળ બનાવવા માટે મહિલા બાર, રેવન્યુ બાર, નોટરી બાર, ક્રિમિનલ બાર અને ક્લેમ બાર એસોસિએશન જેવા વિવિધ સંગઠનો પણ સક્રિયપણે જોડાયા છે.




**ચર્ચાના મુખ્ય કાનૂની મુદ્દાઓ**

- મિલકત અને મહેસૂલ : મિલકતના વ્યવહારોમાં રજિસ્ટ્રેશનનું મહત્વ, ખરીદદારના હિતોનું રક્ષણ અને ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ.
- ક્રિમિનલ કાયદો : એફઆઈઆર નોંધાય તે પૂર્વેની પ્રાથમિક તપાસનો વ્યાપ અને ક્રિમિનલ ઈન્ક્વાયરી.
- ડિજિટલ પુરાવા અને ટેકનોલોજી : ડિજિટલ પુરાવાની વિશ્વસનીયતા, ટ્રાયલ કોર્ટમાં તેની ઉપયોગિતા અને ડેટા પ્રાઈવસી.
- આધુનિક એડવોકેસી : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના યુગમાં વકીલાતની બદલાતી ભૂમિકા.

# NTAની ગંભીર બેદરકારી : ટેકનિકલ ધાંધિયાથી રોષ

## AIAPGETની પરીક્ષામાં ૨૨ ક્ષાત્ર-છાત્રાઓ ૨ કલાક અટવાયા, વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે ચેડા

રાજકોટ, તા. ૨૨

રાજકોટના મવડી ચોકડી પાસે આવેલા સાંદીપની ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ પરીક્ષા કેન્દ્ર ખાતે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આયોજિત ઓલ ઈન્ડિયા આયુષ પોસ્ટ ગ્રેજ્યુએટ એન્ટ્રન્સ ટેસ્ટમાં મોટો ટેકનિકલ છબરડો સામે આવ્યો છે. કેન્દ્ર પર હાજર આશરે ૪૦૦ માંથી ૨૨ વિદ્યાર્થીઓના કોમ્પ્યુટર ટેકનિકલ ખામીના કારણે ચાલુ જ ન થતાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ૨૨ જેટલા આશાસ્પદ વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા આપી શક્યા નહોતા અને આખરે તેમની પરીક્ષા નિયત સમય કરતાં આશરે બે કલાક મોડી શરૂ કરવામાં આવી હતી. સમયસર પરીક્ષા શરૂ કરી શકનારા અન્ય વિદ્યાર્થીઓએ પણ ગંભીર આક્ષેપ કર્યો છે કે સિસ્ટમમાં માઉસ યોગ્ય રીતે કામ કરી રહ્યા નહોતા, જેના કારણે પેપર લખવામાં ભારે વિઘ્ન આવ્યું હતું.

વિદ્યાર્થીઓ અને વાલીઓના ભારે વિરોધ બાદ પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ''અમારી ભૂલ છે'' તેવું લેખિતમાં આપ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કારકિર્દી માટે અત્યંત મહત્વપૂર્ણ એવી પોસ્ટ ગ્રેજ્યુએશનની પ્રવેશ પરીક્ષામાં થયેલી આવી ઘોર બેદરકારીને કારણે વિદ્યાર્થીઓ ભારે માનસિક તણાવ હેઠળ આવી ગયા છે. પરીક્ષા શરૂ થતાં પહેલાં ગઝઅ અને કેન્દ્ર દ્વારા સિસ્ટમ અને ટેકનિકલ સાધનોનું યોગ્ય ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું કે નહીં? કેન્દ્ર તરફથી લેખિતમાં ભૂલ સ્વીકાર્યા બાદ હવે આ બેદરકારીની જવાબદારી કોની રહેશે? ટેકનિકલ ખામી અને માનસિક તણાવના કારણે વિદ્યાર્થીઓના પરિણામ પર થનારા નુકસાનની ભરપાઈ ગઝઅ કેવી રીતે કરશે?

# મચ્છરજન્ય રોગો સામે AI-ડ્રોન ટેકનોલોજીનો મહાજંગ

## રામનાથ મહાદેવ મંદિર ખાતેથી એઆઈ-ડ્રોન પ્રોજેક્ટનો સોમવારથી પ્રારંભ

રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેરના અંદાજે ૧૬૨ ચોરસ કિલોમીટરના વિશાળ વિસ્તારમાં મચ્છરોના ઉપદ્રવને અસરકારક રીતે ઘટાડવા માટે મહાનગરપાલિકા દ્વારા એક નવીન પહેલ હાથ ધરવામાં આવી છે. શહેરના ભાજપ શાસકો દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (અંઈ) અને ડ્રોન ટેકનોલોજી આધારિત આધુનિક પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી છે, જેનો પ્રારંભ સોમવારથી કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગો પર વહેલી તકે નિયંત્રણ મેળવવાનો છે.

રાજકોટના લાખો લોકોની આસ્થાના કેન્દ્ર સમાન શ્રી રામનાથ મહાદેવ મંદિર પરિસરમાં પવિત્રતા અને સ્વચ્છતા જાળવવાના વિવિધ આયોજનો વચ્ચે આ આરોગ્ય અભિયાન જોડવામાં આવ્યું છે. શ્રાવણ મહિનાના પવિત્ર અવસરે સોમવાર, તા. ૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રામનાથ મહાદેવ મંદિર ખાતેથી જ આ ડ્રોન ટેકનોલોજી આધારિત કામગીરીનો પ્રારંભ કરાશે. મેયર ડો. નેહલ શુકલ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા ડો. હિરેનભાઈ ખીમાણીયા, દંડક સંજયસિંહ રાણા અને આરોગ્ય સમિતિ ચેરમેન ડો. રીંકલભાઈ મેઘાણી દ્વારા આ અંગેની સંયુક્ત જાહેરાત કરવામાં આવી છે.

સમગ્ર શહેરના ૧૬૨ ચોરસ કિલોમીટર વિસ્તારનું એઆઇ પ્લેટફોર્મ પર મેપિંગ કરીને પાણી ભરાતા સંભવિત મચ્છર ઉત્પત્તિ કેન્દ્રોની ચોક્કસ ઓળખ કરવામાં આવશે. ઘરો, કોમર્શિયલ મિલકતો, ખુલ્લા પ્લોટો, બંધ બાંધકામ સાઇટો અને મોટા જળાશયોમાં જમા થતા પાણીની સચોટ માહિતી મેળવવામાં આવશે. દુર્ગમ સ્થળોએ ડ્રોન દ્વારા લાર્વીસાઇડ દવાનો છંટકાવ જ્યાં મહાનગરપાલિકાનો ફિલ્ડ સ્ટાફ સરળતાથી પહોંચી શકે તેમ હોય ત્યાં જમીન પરથી જ મચ્છરોનો નાશ કરાશે. પરંતુ માનવબળ માટે પહોંચવું મુશ્કેલ કે ભયજનક હોય તેવા સ્થળોએ ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે . ઝડપી અને વૈજ્ઞાનિક પદ્ધતિથી રોગચાળા પર નિયંત્રણની સાથે પરંપરાગત પદ્ધતિઓની સાથે આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરવાથી મચ્છરના પોરા (લાર્વા) ની શરૂઆતના તબક્કે જ ઓળખ શક્ય બનશે. સમયસર લાર્વી સાઇડ દવાનો છંટકાવ થવાથી મચ્છરોનો વંશવેલો વધતો અટકાવી શકાશે, જેનાથી રાજકોટ શહેરમાં વાહકજન્ય રોગચાળાને નાથવામાં મોટી સફળતા મળશે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ચોકલેટી નશો

## ઘાતક નશાના વિવિધ સ્વરૂપો બ્રેક મારવી મહા પડકાર સમાન



ભાવનગરમાં લઠ્ઠાકાંડના હાહાકાર વચ્ચે જામનગરમાંથી મોટી માત્રામાં નશાકારક ચોકલેટનો જથ્થો ઝડપાયો છે. પોલીસના દરોડા દરમિયાન મળી આવેલા આ નશીલા પદાર્થે સમગ્ર સૌરાષ્ટ્રમાં ચિંતાનું મોજું ફેરવી દીધું છે. પ્રાથમિક તપાસમાં એવી ગંભીર આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે સૌરાષ્ટ્રભરમાં આવી ચોકલેટ્સનો ગેરકાયદે વ્યાપાર ખૂબ જ વ્યાપક પ્રમાણમાં વિસ્તર્યો છે. શહેરી વિસ્તારોથી લઈને અંતરિયાળ ગામડાઓ સુધી આ ચોકલેટી નશાનું જાળું ફેલાઈ ચૂક્યું છે. નાની-મોટી દુકાનોમાં આ વેચાણ છૂપી રીતે ચાલી રહ્યું છે.

અનુમાન મુજબ પરપ્રાંતીઓ આવી ચોકલેટ્સના વધુ આદી હોવાનું સામે આવ્યું છે. અન્ય રાજ્યોમાંથી સૌરાષ્ટ્રમાં રોજીરોટી મેળવવા આવતા શ્રમિકો સસ્તા નશા માટે આવી ચોકલેટનો ઉપયોગ કરે છે. પોતાના મૂળ વતનથી તેઓ આ નશીલી ચોકલેટ સાથે લાવે છે અથવા સ્થાનિક કક્ષાએ મંગાવે છે. ધીમે ધીમે આ પરપ્રાંતીય શ્રમિકો દ્વારા સ્થાનિક લોકોમાં પણ આ નશાનો ફેલાવો થઈ રહ્યો છે. સસ્તો અને આસાનીથી મળી જતો નશો હોવાથી તેનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે.

આ સમગ્ર બાબતમાં સૌથી ગંભીર અને ડરાવની બાબત એ છે કે સૌરાષ્ટ્રના માસુમ બાળકો આવી ચોકલેટ્સથી આસાનીથી નશાના રાહ પર ચઢી શકે છે. સામાન્ય ચોકલેટ કે ગોળી જેવા આકર્ષક પેકિંગમાં મળતી આ વસ્તુ બાળકોને તુરંત આકર્ષિત કરે છે. શાળા, ટ્યુશન કે રમતના મેદાન નજીક આવેલા પાનના ગલ્લા અને કરિયાણાની દુકાનોમાં આ વસ્તુઓ વેચાય છે. માત્ર બે કે પાંચ રૂપિયામાં મળતી હોવાથી બાળકો તેને સરળતાથી ખરીદી લે છે. શરૂઆતમાં સ્વાદ માટે ખાધા પછી બાળકો તેના કાયમી બંધાણી બની જાય છે.

સમાજમાં નશાના વિવિધ સ્વરુપો સતત બદલાઈ રહ્યા છે. પરંપરાગત દારૂ કે ગાંજાના નશા સિવાય હવે મીઠાઈ, મુખવાસ અને ચોકલેટના રૂપમાં ઝેર વેચાઈ રહ્યું છે. આવા છૂપા નશા પર બ્રેક મારવી મહા પડકાર સમાન બની ગઈ છે. ગુનેગારો પોલીસની નજરથી બચવા દર વખતે નવા કીમિયા શોધે છે.

આ નશીલો કારોબાર અત્યારે તંત્ર સામે મોટો પડકાર બનીને ઊભો થયો છે. માત્ર એકાદ દુકાન પર દરોડો પાડવાથી આ દૂષણ નાબૂદ થશે નહીં. પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સંયુક્ત રીતે આ કારોબારના મુખ્ય સપ્લાયરો સુધી પહોંચવું પડશે. શાળા-કોલેજોની આસપાસ સઘન ચેકિંગ ઝુંબેશ ચલાવવી અનિવાર્ય છે. વાલીઓ અને શિક્ષકોએ પણ બાળકોના બદલાતા વર્તન પ્રત્યે વિશિષ્ટ જાગૃતિ દાખવવી પડશે. સૌરાષ્ટ્રના યુવાધનને બચાવવા માટે આ ચોકલેટી નશાનો ત્વરિત નાશ કરવો જરૂરી છે.

# ગ્રાહક અદાલતોમાં ન્યાય માટે લાંબી કતારો

## ૬ લાખ કેસ પેન્ડિંગ : ૮૬૪ જગ્યાઓ ખાલી

નવીદિલ્હી, તા.૨૨

ગ્રાહકોને ઝડપી ન્યાય મળે તે માટે સ્થાપિત ગ્રાહક કમિશન સિસ્ટમ, કેસોની વિશાળ સંખ્યાથી ભરાઈ ગઈ હોય તેવું લાગે છે. કેન્દ્ર સરકારના તાજેતરના ડેટા અનુસાર, જુલાઈ ૨૦૨૬ સુધી દેશના ત્રણ સ્તરના ગ્રાહક કમિશન - રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા - ખાતે કુલ ૫૯૩,૧૦૯ કેસ પેન્ડિંગ છે. સૌથી મોટી ચિંતા એ છે કે આ કેસોના નિરાકરણ માટે જવાબદાર સેંકડો પદો ખાલી છે, જે કેસના નિરાકરણની ગતિને સીધી અસર કરે છે. સરકારી ડેટા દર્શાવે છે કે બાકી રહેલા કેસોનો સૌથી મોટો હિસ્સો જિલ્લા ગ્રાહક કમિશનમાં કેન્દ્રિત છે, જ્યાં ૪૪૮,૬૮૭ કેસ પેન્ડિંગ છે, જે કુલ કેસના આશરે ૭૫.૭ ટકા છે. આ પછી રાજ્ય કમિશનમાં ૧૨૭,૫૦૭ કેસ અને રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ કમિશનમાં ૧૬,૯૧૫ કેસ છે.

સંસદીય જવાબના ડેટા સાથે સરખામણી કરવામાં આવે ત્યારે આ પરિસ્થિતિ વધુ સ્પષ્ટ થાય છે. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્યમંત્રી બી.એલ. વર્માએ લોકસભામાં જણાવ્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં, ત્રણેય કમિશનમાં કુલ ૫૭૪,૩૩૩ કેસ પેન્ડિંગ હતા. આમાં ગઈઉર્છઈમાં ૧૬,૩૮૨, રાજ્ય કમિશનમાં ૧૨૧,૯૨૨ અને જિલ્લા કમિશનમાં ૪૩૬,૦૨૯ કેસનો સમાવેશ થાય છે. આનો અર્થ એ થયો કે જાન્યુઆરી અને જુલાઈ ૨૦૨૬ વચ્ચેના માત્ર છ મહિનામાં પેન્ડન્સીમાં આશરે ૧૮,૮૦૦ કેસનો વધારો થયો છે. આ સૂચવે છે કે નવા કેસ દાખલ થવાની ગતિ નિકાલની ગતિ કરતાં વધુ છે.

પેન્ડન્સીમાં વધારો થવા પાછળનું એક મુખ્ય કારણ અધ્યક્ષો અને સભ્યોની તીવ્ર અછત હોવાનું માનવામાં આવે છે. તાજેતરના અહેવાલો અનુસાર, રાજ્ય અને જિલ્લા કમિશનમાં અધ્યક્ષો અને સભ્યો સહિત કુલ ૮૬૪ પદો ખાલી છે. આમાંથી, રાજ્ય સ્તરે ૧૮ અધ્યક્ષો અને ૭૪ સભ્ય પદો ખાલી છે, જ્યારે જિલ્લા સ્તરે પરિસ્થિતિ વધુ



ગંભીર છે. અધ્યક્ષો માટે ૨૩૪ અને સભ્યો માટે ૫૩૮ પદો ખાલી છે. આ ડેટા સરકારના સંસદમાં અગાઉના પ્રતિભાવ કરતાં પણ વધુ ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં, રાજ્ય કમિશનમાં ૧૮ અધ્યક્ષ અને ૭૫ સભ્ય પદો ખાલી હતા. દરમિયાન, જિલ્લા કમિશનમાં ૧૬૯ અધ્યક્ષ અને ૩૭૯ સભ્ય પદો ખાલી હતા. આનો અર્થ એ થયો કે તે સમયે કુલ ૬૪૧ ખાલી પદો હતા. થોડા મહિનામાં, આ સંખ્યા વધીને ૮૬૪ થઈ ગઈ. ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, મધ્ય પ્રદેશ અને તમિલનાડુ જેવા મોટા રાજ્યોમાં જિલ્લા કમિશનમાં સૌથી વધુ ખાલી પદો છે. બિહાર, ગુજરાત અને ઝારખંડમાં પણ જિલ્લા ચેરમેન અને સભ્યો માટે અસંખ્ય ખાલી પદો છે. આ ગ્રાહકોની સમયસર સુનાવણી પર સીધી અસર કરે છે.

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ ની કલમ ૩૮(૭) હેઠળ, દરેક ફરિયાદનો ઝડપથી નિરાકરણ લાવવો આવશ્યક છે. કાયદો આદેશ આપે છે કે સામાન્ય કેસોનો ઉકેલ નોટિસ મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર અને માલના નિરીક્ષણ અથવા પરીક્ષણની જરૂર હોય તેવા કેસોનો ઉકેલ પાંચ મહિનાની અંદર લાવવામાં આવે. કાયદો એ પણ જણાવે છે કે પૂરતા કારણ વિના સુનાવણી મુલતવી રાખી શકાતી નથી. જો સુનાવણી મુલતવી રાખવામાં આવે, તો તેનું કારણ લેખિતમાં નોંધવું આવશ્યક છે. ખાલી જગ્યાઓ અંગે, ગ્રાહક સુરક્ષા (લાયકાત, નિમણૂક પ્રક્રિયા, કાર્યકાળ, વગેરે) નિયમો, ૨૦૨૦ ના નિયમ ૬(૪) મુજબ રાજ્ય સરકારો ખાલી જગ્યાઓ દેખાય તે પહેલાં ઓછામાં ઓછા છ મહિના પહેલાં ભરતી પ્રક્રિયા શરૂ કરે છે. જો કે, રાજ્ય અને જિલ્લા-સ્તરના કમિશનમાં જગ્યાઓ ભરવાની જવાબદારી રાજ્ય સરકારોની છે. કેન્દ્ર સરકાર જણાવે છે કે તે ખાલી જગ્યાઓ ભરવાનું ઝડપી બનાવવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સંપર્કમાં છે.


# કોંગ્રેસ એ જ કરી રહી છે જે અંગ્રેજોએ કર્યું'તું

## વંદે માતરમ પર ભાજપ આકરા પાણીએ, કહ્યું- દેશ CWC દ્વારા નહીં ચાલે

નવીદિલ્હી, તા. ૨૨

૧૫ ઓગસ્ટના રોજ કોંગ્રેસ મુખ્યાલયમાં વંદે માતરમ ગાતી વખતે સોનિયા ગાંધીના રોકવાના કથિત ઈશારા પર ભાજપે કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધ્યું છે. એક પત્રકાર પરિષદને સંબોધતા, ભાજપનું પ્રતિનિધિત્વ કરતા સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પાર્ટીએ આ મુદ્દા પર ડેમેજ કંટ્રોલનો પ્રયાસ કર્યો અને સોનિયા ગાંધીના ઈશારા માટે વિવિધ સ્પષ્ટતાઓ આપી. પાત્રાએ કહ્યું, ''૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, અમે સોશિયલ મીડિયા અને મીડિયા રિપોર્ટ્સ દ્વારા જોયું કે કોંગ્રેસ કાર્યાલયમાં શું થયું: ભૂતપૂર્વ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ભૂતપૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીની હાજરીમાં ત્રિરંગો કેવી રીતે ફરકાવવામાં આવી રહ્યો હતો. જ્યારે વંદે માતરમ શરૂ થયું, ત્યારે સોનિયા ગાંધી બે શ્લોક પછી ઈશારો કરતા અને રોકવા માટે કહેતા જોવા મળ્યા.''

પાત્રાએ વધુમાં જણાવ્યું હતું કે એવું લાગતું હતું કે કોંગ્રેસ નેતૃત્વ, ખાસ કરીને સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી, મૂંઝવણમાં અને ગભરાઈ ગયા હતા, જાણે કે કેટલાક વાંધાજનક શબ્દોનો ઉપયોગ થઈ રહ્યો હોય. ત્યારબાદ થયેલા હોબાળા અને દેશભરમાંથી પ્રતિક્રિયાઓએ કોંગ્રેસને ડેમેજ કંટ્રોલ મોડમાં લાવવાની ફરજ પાડી. આ પછી, કોંગ્રેસના નેતાઓએ દાવો કર્યો કે સોનિયા ગાંધી ''રોકો'' કહી રહ્યા ન હતા, પરંતુ મલ્લિકાર્જુન ખડગે માટે બેઠકની માંગ કરી રહ્યા હતા. આ વિવાદના થોડા દિવસો પછી, ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠકમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો, જેમાં ઓક્ટોબર ૧૯૩૭ માં કલકત્તામાં કોંગ્રેસ કાર્યકારી સમિતિ દ્વારા અપનાવવામાં આવેલા ઠરાવનો ઉલ્લેખ કરવામાં



આવ્યો હતો. ઠરાવમાં કહેવામાં આવ્યું હતું કે તેઓ ''વંદે માતરમ'' ના બધા છ શ્લોક સ્વીકારશે નહીં અને તેના બદલે ગીતને વિભાજીત કરશે, ફક્ત બે શ્લોક ગાશે. એટલે કે, ''વંદે માતરમ'' ને ફક્ત પહેલા બે શ્લોક સુધી મર્યાદિત રાખશે.

૨૦૨૫ ના શિયાળુ સત્રમાં, વંદે માતરમ અંગે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર વંદે માતરમ ગાવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. અગાઉ, બ્રિટિશ સરકાર સમગ્ર વંદે માતરમ ગાવાથી રોકતી હતી, અને કોંગ્રેસ પક્ષ હવે તે જ કરી રહ્યો છે. ૧૯૩૮ માં, જવાહરલાલ નેહરુએ ઝીણાને લખેલા પત્રમાં લખ્યું હતું કે તેમની ૧૪ માંગણીઓની ચર્ચા કરતી વખતે, વંદે માતરમનું આંશિક ગાન સ્વીકારવામાં આવ્યું છે. આજે, ૨૨ ઓગસ્ટના રોજ, ભાજપની પહેલી પદાધિકારીઓની બેઠકમાં, રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીની વિભાજનકારી પ્રવૃત્તિ સફળ થશે નહીં. દેશે નક્કી કરવું પડશે કે સંસદમાં પસાર થયેલા કાયદા સાથે ચાલવું કે કોંગ્રેસ CWC દ્વારા લેવામાં આવેલા નિર્ણય સાથે. દેશ CWC દ્વારા સંચાલિત થશે નહીં. શું સંસદ છે કે કોંગ્રેસ CWC સૌથી મહાન છે?

મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે વંદે માતરમ રાષ્ટ્રગીત છે, રાષ્ટ્રગીત છે. આજની ભાજપની બેઠકમાં વંદે માતરમ અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ પહેલ હેઠળ, પાર્ટી દેશના દરેક ખૂણામાં વંદે માતરમના ઈતિહાસ, મહિમા અને સમૃદ્ધ વારસાને ફેલાવવા માટે એક વિશાળ અભિયાન શરૂ કરશે. ભાજપના કાર્યકરો જાગૃતિ લાવવા માટે દેશના દરેક શેરીમાં જશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને તેમના ડ એકાઉન્ટ પર આ માહિતી પોસ્ટ કરી.

### GEN Z ભાજપનું લક્ષ્ય : 'આઉટરીચ પ્રોગ્રામ' હેઠળ યુવાનો સાથે વાતચીત કરશે.

# યુવાનો સાથે જોડાવા માટે ભાજપની નવી ટીમ

નવીદિલ્હી, તા. ૨૨

લીક થયેલી NEET પરીક્ષાના પ્રશ્નપત્ર સામે Gen Z સભ્યો દ્વારા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો બાદ, ભાજપ હવે Gen Z પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. પાર્ટી યુવાનોમાં તેની પહોંચ વધારવા અને તેની વિશ્વસનીયતા મજબૂત કરવા પર ખૂબ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ જ કારણ છે કે ભાજપે દેશભરના યુવાનો સાથે જોડાવા માટે એક નવી ટીમ બનાવી છે. અહેવાલો અનુસાર, આ નવી ટીમમાં ઈઉંડ ના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન, રાષ્ટ્રીય મહાસચિવ સ્મૃતિ ઈરાની, વિનોદ તાવડે, હર્ષ સંઘવી, ઓપી ચૌધરી અને અન્ય ઘણા સભ્યોનો સમાવેશ થાય છે. આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પાર્ટી માટે આ વ્યૂહરચના મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ નવી ટીમ દ્વારા, BJP Gen Z સભ્યો વચ્ચે ''Gen Z આઉટરીચ પ્રોગ્રામ'' શરૂ કરશે. ટીમના સભ્યો આવતા મહિનાથી યુવાનો સુધી પહોંચશે અને તેમની સાથે વાતચીત કરશે. નવી પેઢી સાથે વધુ સારા સંદેશાવ્યવહાર અને સંબંધો માટે પાયો નાખવો પાર્ટી માટે મહત્વપૂર્ણ બની ગયો છે. શનિવારે, પાર્ટીના એક વરિષ્ઠ સૂત્રએ જણાવ્યું હતું કે આ આઉટરીચ પહેલ માટે રચાયેલી ટીમમાં BJP ના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન, રાષ્ટ્રીય મહાસચિવ સ્મૃતિ ઈરાની અને વિનોદ તાવડે, ગુજરાતના મંત્રી હર્ષ સંઘવી, છત્તીસગઢના મંત્રી ઓપી ચૌધરી અને અન્ય ઘણા નેતાઓનો સમાવેશ થાય છે.

ભાજપ ટૂંક સમયમાં જનરલ ઝેડ સાથે આ આઉટરીચ પ્રોગ્રામ શરૂ કરે તેવી અપેક્ષા છે. આ યુવા પેઢી સાથે વધુ સીધી અને સુસંગત વાતચીત સ્થાપિત કરવાના પ્રયાસોનો એક ભાગ છે. આ કાર્યક્રમ જનરલ ઝેડની આકાંક્ષાઓ, ચિંતાઓ અને અપેક્ષાઓને સમજવા પર ધ્યાન કેન્દ્રિત



કરશે. તે યુવાનોને ભાજપના નેતાઓ સાથે સીધા જોડાવા અને તેમના માટે ચિંતાના મુદ્દાઓ પર તેમના મંતવ્યો વ્યક્ત કરવા માટે એક પ્લેટફોર્મ પણ પૂરું પાડશે. પાર્ટી આ પહેલનો ઉપયોગ યુવા મતદારો સાથે તેના જોડાણને મજબૂત કરવા અને આઉટરીચ અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા તેની પહોંચ વધારવા માટે પણ કરશે. ટીમમાં વિવિધ સંગઠનાત્મક અને રાજકીય પૃષ્ઠભૂમિના નેતાઓનો સમાવેશ એ દર્શાવે છે કે ભાજપ નવી પેઢી સુધી પહોંચતી વખતે સંગઠનાત્મક અનુભવ અને યુવા નેતૃત્વને એકસાથે લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જનરલ ઝેડ આઉટરીચ પ્રોગ્રામના સમયપત્રક, ફોર્મેટ અને સ્થાનો અંગે વધુ વિગતો ટૂંક સમયમાં જાહેર થવાની અપેક્ષા છે.

શનિવારે શરૂઆતમાં, પાર્ટીના સંગઠનાત્મક ફેરબદલ પછી રાષ્ટ્રીય ટીમે તેની પ્રથમ બેઠક યોજી હતી. એવું અહેવાલ છે કે પાર્ટીના નવનિયુક્ત રાષ્ટ્રીય અધિકારીઓએ ચૂંટણી વ્યૂહરચના પર ચર્ચા કરી હતી અને પાયાના સ્તરે લોકો સુધી પહોંચવા પર પણ ચર્ચા કરી હતી. ભાજપની બેઠક પહેલાં રાષ્ટ્રગીત, ''વંદે માતરમ'' ના તમામ છ શ્લોકો ગાવામાં આવ્યા હતા. ભાજપ હવે જનરલ ઝેડ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. પાર્ટીએ યુવાનો સુધી પહોંચવા માટે એક નવી ટીમ બનાવી છે. આ ટીમ ''જનરલ ઝેડ આઉટરીચ પ્રોગ્રામ'' હેઠળ તેમની સાથે વાતચીત કરશે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શીર્ષક- વાંચન વિશેષ.

### ૐ કારનો અનાહત નાદ એટલે સાધકને સમાધિ તરફ ધકેલતું શૂન્યનું સંગીત!



હિન્દુ સનાતન સંસ્કૃતિમાં દેવ દેવીઓ જેટલું જ મહત્વ મંત્રનું છે, અને દરેક દેવી દેવતાઓનાં અલગ અલગ મંત્રનું પણ મહાત્મય રહેલું છે. પરંતુ અત્યારે શ્રાવણ માસ ચાલી રહ્યો છે, અને ભગવાન શંકર માટે કહેવાય છે કે ૐ કારનાં બીજ મંત્રની ઉત્પત્તિ સાથે એનો સીધો સંબંધ છે, અથવા તો એમ કહો કે ૐ એ શંકરના મૂળ સ્વભાવ કલ્યાણ નું પ્રતિક છે અને એટલે જ એને દરેક મંત્ર આગળ મૂકી કલ્યાણ ના ભાવ વગર કોઈ મંત્ર કામ નહીં કરે એમ કહેવું છે. તો ૐ કાર એ માત્ર મંત્ર નથી, પણ ત્યાંથી મંત્ર વિજ્ઞાન કે અધ્યાત્મ વિજ્ઞાન શરૂ થાય છે!, એવું જ્ઞાન પપ્પાએ નાનપણમાં આપ્યું હતું, અને પપ્પા હંમેશા કહેતા કે મારી કે કોઈ અન્યની કહેલી વાત માત્ર માહિતી છે,પણ એ જ્ઞાન ત્યારે બને, જ્યારે એને ખુદનાં અનુભવે સિદ્ધ કરવું પડે. પપ્પા આધ્યાત્મિક અને મમ્મી ભક્તિ આમ નદીના બંને કિનારાની ગતિ પરમ તત્વ તરફની જ હોવાથી અમે ઈશ્વર તત્વ વિશે કંઈક પામ્યા. તો આ શ્રાવણ માસમાં ભગવાન શંકરને વધુ સારી રીતે સમર્પિત થવા આ ૐ કારના બીજ મંત્રનું વિજ્ઞાન સમજીએ.

ભારતીય અધ્યાત્મ માં નાદ બ્રહ્મની પણ વાત છે અને ઓમકાર એ નાદ બ્રહ્મની સૌથી વધુ અનૂભૂતિ કરાવનાર શબ્દ બ્રહ્મ છે. હિંદુ સનાતન ધારામાં ઓમકાર નાદને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે. અને તેને પ્રણવ મંત્ર, અને બીજ મંત્ર પણ કહેવામાં આવે છે. પ્રણવ એટલે કે સૃષ્ટિનું સર્જન કરનાર, અને એટલે જ ભગવાન શંકરનુ એક નામ પ્રણવ પણ છે. ઓમકાર નાદનો સીધો અર્થ કરીએ તો અનાહત નાદ, કે જે અધ્યાત્મ સાથે સાંકળનાર છે, એટલે કે ભક્તને પોતાનામાં ઈશ્વરનો નાદ સંભળાય એવી સાધના કરાવનાર આ મંત્ર છે. આ મંત્રના રટણથી પરમાત્મા સાથેનો નાતો આપણો દ્રઢ અને અતૂટ બને છે. અ, ઉ ને મ, એ ત્રણ અક્ષરથી બનતો ૐ એ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ ત્રણેનું એક સ્વરૂપ છે. કહેવાય છે કે સૃષ્ટિની ઉત્પત્તિ એ ઓમકાર નાદ માંથી થઈ હતી. આપણે ત્યાં એટલે જ, જુદા જુદા વિવિધ ભાવની વાત આવી. ત્રિદેવ, ત્રિગુણ, ત્રિકાળ. મુખ્ય જાતિ નર, નારી, અને નાન્યતર. મુખ્ય ત્રણ ભાવ, સત્ય પ્રેમ અને કરૂણા. ઉષ્મા, ઉર્જા અને પ્રાણ શક્તિ, આથી જ અધ્યાત્મને પણ વિજ્ઞાન કહેવામાં આવે છે. મુખ્ય ત્રણ ધર્મ હિન્દુ જૈન અને બૌદ્ધ, આ બધામાં ઓમકારનુ ખૂબ જ મહત્વ છે. ઓમકારના સતત રટણ કરવાથી અનાહત નાદ ઉત્પન્ન થાય છે, અને અનાહત નાદથી સમાધિ સૂચક અવસ્થા પ્રાપ્ત થાય છે.

અ, ઉ અને મ થી ૐ મંત્ર બને છે, તેમજ તેના ચિહ્નમાં ૨ કાર અને તેના ઉપર બિંદુ છે.

'અ' નો સંદર્ભ સર્જક એટલે બ્રહ્મા, 'ઉ' નો સંદર્ભ પાલક એટલે કે વિષ્ણુ અને 'મ' નો સંદર્ભ સંહારક એટલે કે મહાદેવ છે. આમ ૐ માં ત્રિમૂર્તિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમાવિષ્ટ છે.

ૐ જે અ, ઉ અને મ તેમજ અર્ધ ચંદ્રાકાર અને તેના ઉપર બિન્દુથી બને છે, જ્યાં અ જાગૃત અવસ્થાનો સંકેત કરે છે, ઉ સ્વપન અવસ્થાનો સંકેત કરે છે અને મ સુષુપ્ત અવસ્થાનો સંકેત કરે છે. સુષુપ્ત અવસ્થામાં મન અને બુધ્ધિ શાંત થઈ જાય છે. આમ અ, ઉ, ꣳ અર્ધચંદ્રાકાર અને બિન્દુથી બનતો ૐ ચોથી અવસ્થાની સ્થિતિ છે. આ ચોથી અવસ્થાને સમાધિની સ્થિતિ કહેવાય છે. અ ની જાગૃત અવસ્થા, ઉ ની સ્વપન અવસ્થા અને મ ની સુષુપ્ત અવસ્થા માંથી પસાર થતાં, એટલે કે ઓમ નો આતંર નાદ બંધ થતાં એક અગાઢ શાંતિની અવસ્થા આવે છે, જેને તુરીયા અવસ્થા કે સમાધિની અવસ્થા કહેવાય છે. આ અવસ્થામાં બધું જ શાત થઈ જાય છે, અને ભગવાન શંકર લગભગ આ ચોથી અવસ્થામાં જ રહેનારા છે એટલે સમાધિસ્થ રહે છે. જેમ કે રામચરિત માનસમાં ઉલ્લેખ છે કે ભગવાન શિવ ૮૭ હજાર વર્ષ સમાધિમાં હતાં!

અ ને વાણી, ઉ ને મન અને મ ને જીવનના ધબકારા- પ્રાણ પણ કહી શકાય. અને અ, ઉ, ꣳ ,૨ કાર અને બિન્દુથી બનતા ૐ ના સ્વરુપને આત્મા અંશી કહી શકાય, જે પરમ અંશ પરમાત્માનો એક ભાગ છે.

અ, ઉ, મ એ અનુક્રમે લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ છે. તો અ, ઉ, મ, ૨ કાર અને બિન્દુથી રચાયેલ ૐ ગહેરાઈ છે અને તે આકાર, અને કૃતિથી પર છે.

અ, ઉ, મ એ ઈચ્છા, ભય અને ક્રોધ રહિત છે, તો અ, ઉ, મ, ૨ કાર અને બિન્દુથી રચાયેલ ૐ પૂર્ણ પુરુષ છે, અને આ પૂર્ણ પુરુષ પરમ પરમાત્માને સંપૂર્ણ સમર્પિત છે.

અ, ઉ, મ એ નર, નારી અને નાન્યતર જાતિ દર્શાવે છે જ્યારે અ, ઉ, મ, ૨ કાર અને બિન્દુથી રચાયેલ ૐ એ કૃતિ અને તેના કર્તાનું એક જ સ્વરુપ છે.

સત્યનું નામ એ જ ઓમકાર છે. ભારતીય આધ્યાત્મ જગતનું રહસ્ય ઓમકારમાં સમાઈ જાય છે. ઓમકારને એક શબ્દ તરીકે ઓળખવવો કે વર્ણવવો એક ભૂલ છે, કારણ કે ઓમકાર કોઈ શબ્દ નથી, કારણ કે દરેક શબ્દનો અર્થ હોય છે. જ્યારે ઓમકારને કોઈ શબ્દ ગણી તેનો અર્થ ન સમજાય. ઓમકાર એ એક અનુભૂતીનો વિષય છે. તે તો માત્ર એક શુધ્ધ ધ્વનિ છે. તેમજ તેને એક ધ્વનિ કહેવો પણ એક લાચારી કે આપણી સમજવાની મર્યાદા છે. કોઈ પણ ધ્વનિ પેદા કરવા માટે બે વસ્તુને ટકરાવવું પડે, જ્યારે ઓમકારના ધ્વનિને પેદા કરવાની જરૂરીયાત જ નથી રહેતી. ઓમકાર અનાહદ નાદ છે, જે કોઈ પણ જાતના ટકરાવ કે આઘાત વિના પેદા થયેલ નાદ ધ્વિનિ છે.

ૐ કારનો જાપ તો આપણા કંઠની ટકરાહટ છે, આપણા પોતાનામાં જ પેદા થયેલ ધ્વનિ છે. અન્ય મંત્રો છે, જ્યારે ઓમકાર મહા મંત્ર છે, બીજ મંત્ર છે જેમાંથી બીજા બધા મંત્રોની ઉત્પતિ થઈ છે.

ભારતીય આધ્યાત્મિક જગત મનને મટાડવાની વાત કરી છે. અને જ્યારે મન મટી જાય છે, ત્યારે ઓમકારનો અનાહદ નાદ પેદા થાય છે, ઓમકાર ધ્વનિ સંભળાય છે. ઓમકાર મૂળ સ્તોત્ર છે, જેનાથી બધા સ્વર પેદા થાય છે. તમામ અસ્તિત્વ ઓમકારથી જોડાયેલું છે. ઓમકારનો અનાહત નાદ એટલે શૂન્યનું સંગીત.

વિજ્ઞાનની શોધ વિદ્યુત છે, તેમાં ઉષ્મા, ઉર્જા સમાવિષ્ઠ છે. આજ રીતે ઓમકારને જો વિદ્યુત સમજીએ તો તેમાં ઉષ્મા, ઉર્જા અને પ્રાણનું સ્પંદન સમાવિષ્ઠ છે. આના દ્વારા જ સત્યને પામી શકાય. એક ઓમકારની ધૂનમાં લીન થઈ જઇએ તો બીજું બધું જ શાન્ત થઇ જશે, બહારની દુનિયા શૂન્યમાં પરિવર્તિત થઇ જશે.

ઓમ કાર વિશે તો જેટલુ લખીએ એટલું ઓછું છે, કારણ કે જેનાથી સૃષ્ટિની ઉત્પત્તિ છે, તેનો કોઈ અંત નથી, અને અનંત ગુણો ધરાવતા આ ૐ કારની મેં સદગુરુ કૃપાથી બુદ્ધિ પ્રમાણે સરળ બનાવવા કોશિશ કરી છે. જોકે આ બધી તો શાસ્ત્રીય વાત છે, પરંતુ આપણે રહ્યાં સંસારી કદાચ એટલું સટીક સ્મરણ થાય નહીં! અને અનાહત નાદ સુધી પહોંચાય નહીં! પણ સ્થૂળ રુપે ૐ કારનો ધ્વનિ અહમ અને ઈચ્છાને સમાપ્ત કરનાર છે, કળિયુગમાં આસ્થા માટે આટલું પણ પર્યાપ્ત છે. તો આપણે એ બીજ મંત્રની ઉત્પત્તિ છે, અને એ જ બીજ મંત્રમાં જ સૃષ્ટિ સમાહિત થઈ જાય છે. તો એ સમાહિત થાય તે પહેલા, આ શ્રાવણે તેનું રટણ કરીને એ સમાધિ તરફ લઈ જતાં અનાહત નાદ ને અનુભવીને ભગવાન શંકરના કલ્યાણકારી સ્વરૂપને આત્મસાત કરી શકીએ. ૐ નમઃ શિવાય.

લી. ફાલ્ગુની વસાવડા. ( ભાવનગર)

### કરૂણ સિલસિલો યથાવતઃ વધુ ચાર ઘટનાઓમાં પરિવારોએ સ્વજનોને ગુમાવ્યા

# દવા લઈ ઘરે પહોંચે એ પહેલા અકસ્માતની ઘાતઃ દંપતિ ખંડિત


### ટ્રકે મોટરસાઇકલને ઉલાળતાં પત્નિનું મોત-પતિનો બચાવઃ બીજી ઘટનામાં સેન્ટીંગ કામ વખતે પટકાતાં પ્રૌઢનો જીવ ગયોઃ ત્રીજી ઘટનામાં શ્વાસ ચડતાં સગર્ભાનું મોતઃ ચોથા બનાવમાં વૃધ્ધે બેભાન હાલતમાં સારવારમાં તોડી દીધો દમ

રાજકોટઃ અલગ અલગ રીતે માનવીને પરલોકના તેડા આવતા રહે છે. ઓચીંતા આવી જતાં આવા તેડા જે તે હતભાગી મૃતકના પરિવારોને કારમો આઘાત આપી જાય છે. રોજબરોજ આ પ્રકારની અપમૃત્યુની ઘટનાઓ બનતી રહે છે. વધુ આવા ચાર બનાવો બન્યા છે. જેમાં એક કિસ્સામાં દવા લઇને ઘરે જતી વખતે વાહન અકસ્માતની ઘાત નડતાં દંપતિ ખંડીત થયું હતું. જેમાં પત્નિનો જીવ ગયો હતો, પતિનો બચાવ થયો હતો. બીજા બનાવમાં સેન્ટીંગ કામ વખતે પટકાતાં પ્રૌઢનું મૃત્યુ થયું હતું. ત્રીજી ઘટનામાં એક સગર્ભાને શ્વાસ ચડ્યા બાદ મોત થઇ ગયું હતું. તો એક બનાવમાં એક વૃધ્ધ બેભાન થઇ ગયા બાદ સારવારમાં દમ તોડ્યો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વાંકાનેરના ઢુવા નજીક ટ્રકે બાઇકને ઠોકરે ચડાવતાં બાઇકચાલક અને પાછળ બેઠેલા તેના પત્નિ ફંગોળાઇ ગયા હતાં. જેમાં પત્નિને ગંભીર ઇજા થતાં સારવાર દરમિયાન રાજકોટમાં મોત થયું હતું. આ પતિ-પત્નિ દવા લઇને વાંકાનેરથી ઢુવા ઘરે જઇ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. વધુ માહિતી અનુસાર વાંકાનેરના અમરધામ ચોકડી નજીક ઢુવા ખાતે ક્યોરા ટાઇલ્સ કંપની નજીક રહેતો ચોવીસ વર્ષના દુર્ગાપ્રસાદ સોરેન પરમ દિવસે પોતાને અને પત્નિને તાવ આવતો હોઇ કળતર થતી હોઇ બાઇક પર પત્નિ એકવીસ વર્ષીય જ્યોત્સનાને બેસાડીને વાંકાનેર ગયો હતો.

બંનએ ડોકટરને બતાવી દવા લીધી હતી અને પરત ઢુવા જઇ રહ્યા હતાં ત્યારે ઢુવા નજીક ટ્રકની ઠોકરે બાઇક ચડી જતાં બંને રોડ પર ફેંકાઇ ગયા હતાં. જેમાં દુર્ગાપ્રસાદનો ઇજા સાથે બચાવ થયો હતો. જ્યારે તેના પત્નિ જ્યોત્સનને ગંભીર ઇજા થતાં વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ તેનું મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર જ્યોત્સનાના લગ્ન એક વર્ષ પહેલા જ થયા હતાં. પતિ કંપનીમાં નોકરી કરે છે. મૃતદેહને અંતિમવિધી માટે વતન ઓરીસ્સા લઇ જવાયો હતો. પોલીસે ટ્રકચાલક સામે કાર્યવાહી કરી હતી.

બીજા બનાવમાં મોરબીના વીસીપરામાં રહેતાં પ્રૌઢ વજેપરમાં મકાનનું કામ ચાલુ હોઇ ત્યાં પહેલા માળે છતનું સેન્ટીંગ કામ કરતી વખતે અકસ્માતે પડી જતાં માથા શરીરે ગંભીર ઇજાઓ થતાં મોત નિપજતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. વીસીપરામાં રહેતાં છપ્પન વર્ષના ગુલામભાઇ



હારૂનભાઇ માલાણી મોરબી વજેપર વિસ્તારમાં રહેતાં ભરતભાઇ સતવારાના ઘરનું ચણતર કામ ચાલુ હોઇ સાઇટ પર પહેલા માળે છતભરાઇ માટે સેન્ટીંગ કામ કરતાં હતાં.

તેઓ કામ કરતી વખતે સળીયો વાળી રહ્યા હતાં ત્યારે બેલેન્સ ગુમાવતાં નીચે પટકાતાં ગંભીર ઇજા પહોંચી હતી. તેમને મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર હારૂનભાઇને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં મોરબી એ-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

ત્રીજી ઘટના જોઇએ તો કોટડાસાંગાણીના હડમતાળા ગામે પતિ, પરિવાર સાથે રહેતી મુળ દાહોદ પંથકની સગર્ભાનું તબિયત બગડ્યા બાદ રાજકોટમાં મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. હડમતાળા જીઆઇડીસી વાઘેશ્વર મંદિર સામે રીવેલ પ્રા.લિ. નામની કંપની નજીક ક્વાટ્રરમાં રહેતી ત્રીસ વર્ષિય કમલાબેન મોહનભાઇ નાયક નામની પરિણીતાને હાલ પેટમાં આઠ માસનો ગર્ભ હોઇ ગત તેરમીએ ઘરે હતી ત્યારે એકાએક શ્વાસ લેવામાં તકલીફ થવા માંડતાં ગોંડલ હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડાઇ હતી. ત્યાંથી વધુ સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહિ ગત સાંજે મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કોટડા સાંગાણી પોલીસને કરી હતી.

મૃત્યુ પામનારના લગ્ન સાત વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક દિકરી છે અને હાલમાં તેણીને સારા દિવસો જઇ રહ્યા હતાં. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. બનાવથી મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતદેહને અંતિમવિધી માટે તેના વતન લઇ જવાયો હતો.

ચોથા બનાવમાં જસદણના બળધોઇ ગામે રહેતાં બચુભાઇ મનજીભાઇ જાદવ નામના ઓગણસાંઇઠ વર્ષના વૃધ્ધને બિમારીને કારણે આટકોટ કે. ડી. પરવાડીયા હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બચુભાઇ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેમને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. પંદરેક દિવસથી બિમાર હોઇ સારવાર માટે દાખલ કરાયા હતાં. વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પણ અહિ અંતિમશ્વાસ લઇ લીધા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આટકોટ પોલીસે કાર્યવાહી કરી હતી. આમ ચાર ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા હતાં.

### જૂગારીઓ જ્યાં જગ્યા મળે જ્યાં તક મળે ત્યાં બેસી જાય છે બાવત પત્તા લઇને

# ઘર, ફ્લેટ ને જાહેરમાં પત્તા ટીચતા ચોવીસ પકડાઇ ગયા

### એલસીબી ઝોન-૨, પીસીબી અને યુનિવર્સિટી પોલીસની ટીમોએ દરોડા પાડ્યાઃ રોકડ-ગંજીપાના કબ્જે

રાજકોટ તા. ૨૨

જૂગારની મોસમ હાલમાં પૂરબહારે છે. વરસાદ ભલે રાજકોટમાં ખેંચાઇ ગયો હોય પણ જૂગારીઓ સતત ઠેકઠેકાણે તીનપત્તીની મોસમને ખીલેલી રાખી રહ્યા છે. સામે પોલીસ પણ સતત દરોડા પાડી રહી છે. વધુ ત્રણ દરોડામાં ચોવીસ પત્તાપ્રેમીઓ જલાઇ ગયા હતાં. જેમાં બે સ્થળે ઘર-ફ્લેટમાં અને એક સ્થળે જાહેરમાં પત્તા ટીચવામાં આવી રહ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં શ્રાવણીયા જૂગારધામ પર દરોડાનો દોર યથાવત રાખી શહેર પોલીસે વધુ ત્રણ દરોડામાં ૨૪ પત્તાપ્રેમીઅનો પકડી લઇ રૂપિયા એક લાખની રોકડ કબ્જે કરી હતી. વધુ માહિતી અનુસાર ન્યુ જાગનાથ મેઇન રોડ પર મકાનમાં ચાલતા જૂગારધામ પર એલસીબી ઝોન-૨ ની ટીમે દરોડો પાડી ૯ને, જામનગર રોડ પર એસઆરપી કેમ્પ પાસે ફ્લેટમાં પીસીબીની ટીમે દરોડો પાડી ૯ને અને ઘંટેશ્વર નજીક જાહેરમાં પટમાં જૂગાર રમતાં ૬ને યુનિવર્સિટી પોલીસે પકડ્યા હતાં. એસ્ટ્રોન ચોક નજીક ન્યુ જાગનાથ મેઇન રોડ પર રહેતાં અર્ચિત જોયભાઇ મોદીના મકાનમાં એલસીબી ઝોન-૨ની ટીમનાં હેડ કોન્સ્ટેબલ સત્યજીતસિંહ જાડેજા સહિતના સ્ટાફે દરોડો પાડી અર્ચિત ઉપરાંત શુભમ્ પ્રવિણભાઇ પરમાર (ઉ.વ.૨૬ રહે. સેટેલાઇટ ચોક,



મોરબી રોડ), મિહીર કમલેશભાઇ સોલંકી (ઉ.વ.૨૨, રહે. ગાંધીધામ સોસાયટી, મોરબી રોડ)ને પકડ્યા હતાં.

ઉપરોક્ત શખ્સોની સાથે સાગર મુકેશભાઇ ધોરાજીયા (રહે. સેફોન ટાવર, લીંબુડીવાડી મેઇન રોડ), કેવલ નયનભાઇ દોશી (રહે. આદિત્ય હાઇટસ, ગોપાલ ચોક, સાધુ વાસવાણી રોડ), જીગર દિલીપભાઇ પાલા ( રહે. નવયુગ સોસાયટી, રામેશ્વર ચોક, એરપોર્ટ રોડ), હર્ષલ રમેશભાઇ કેસરીયા (રહે. જૂની પપૈયાવાડી, ગુરૂપ્રસાદ ચોક), વૈભવ અશોકભાઇ ભાયાણી (રહે. પ્રાઇડ એલીગન્સ, પુષ્કરધામ મેઇન રોડ) અને ધૈર્ય યોગેશભાઇ કેસરીયા (રહે. રાજવિલા એપાર્ટમેન્ટ, રોયલ પાર્ક શેરી નં. ૭, ઇન્દીરા સર્કલ પાસે)ને રૂા. ૬૨,૭૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. પીએસઆઇ એમ. કે. મોવલીયા, મનરૂપગીરી, સહિતની ટીમે આ કામગીરી કરી હતી.

આઉપરાંત અન્ય દરોડામાં પીસીબીની ટીમ ત્રાટકી હતી. જામનગર રોડ પર એસઆરપી કેમ્પ સામે અરાઇઝ-વન એપાર્ટમેન્ટમાં પીસીબીના હરદેવસિંહ રાણા, મહિપાલસિંહ ઝાલા અને ઘનશ્યામસિંહ ચૌહાણની બાતમીથી ફ્લેટ નં. ૪૦૧માં દરોડો પાડી અહિ રહેતાં કેયુર પંકજકુમાર જેઠવા તેમજ રત્નદીપ ઉર્ફે ઋષી ઉમેશભાઇ ત્રિવેદી (રહે. ૯૦૩-અરિહંત-સી, નાગેશ્વર રોડા, ભાવેશ જયંતિલાલ બાબરીયા (રહે. ૯૦૨-સ્વસ્તીક હાઇલેન્ડ રૈયાધાર), હર્ષિત અશ્વીનભાઇ કંસારા (રહે. સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઇન રોડ), નિશાંત અરૂણ ભાઇ જોષી (રહે. ખત્રીવાડ સોની બજાર), અમીત નટવરલાલા ડેલાવાળા (રહે. રૈયાનાકા ટાવર અંદર કંસારા બજાર), ગીરીશ નવનીતભાઇ ડાંગા (રહે. બેડીનાકા ટાવર રાધાસખી એપાર્ટમેન્ટ ૩૦૩), વિજય મહિમપતભાઇ ડોડીયા (રહે. ૩૦-રેસકોર્ષ બંગલો એસઆરપી કેમ્પ પાસે) અને સંજય સુર્યકાંતભાઇ વ્યાસ (રહે. પૂજા કોમ્પલેક્ષ યુનિવર્સિટી રોડ)ને પકડી લઇ રૂા. ૬૩૫૦૦ની રોકડ કબ્જે કરી હતી. પીઆઇ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ આર. કે. જાડેજા, પી. બી. ત્રાજીયા સહિતની ટીમે આ દરોડો પાડ્યો હતો.

જ્યારે ત્રીજા દરોડામાં જામનગર રોડ પર ઘંટેશ્વરમાં ગ્રીનલીફ પાછળ ૨૫ વારીયા કવાર્ટર પાસે જાહેરમાં જૂગાર રમતાં સાગર હરીભાઇ ખરેડ, સરદાર હમીરભાઇ રાઠોડ, પપ્પુ વિસાજીભાઇ ભાટી, ભગવાનજી નારૂજીભાઇ ભાટી, રમેશ હમીરજીભાઇ રાઠોડ, અને હેમાજી ડાયાજીભાઇ ગેહલોત (રહે. બધા ૨૫ વારીયા, કવાર્ટર, ઘંટેશ્વર)ને યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઇ કે. કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ. એન. સ્યોરા, હેડ કોન્સ્ટેબલ નિલેષભાઇ વાવેચા સહિતના સ્ટાફે પકડી લઇ રૂા. ૧૭,૪૦૦ની રોકડ કબ્જે કરી હતી. આમ વધુ ત્રણ દરોડામાં ચોવીસ પત્તાપ્રેમીઓ ઝડપાઇ ગયા હતાં.

# કુવાડવા રોડ પોલીસે ગાંજો પકડ્યોઃ કુવાડવાનો શખ્સ ઝડપાયો

### ટીમે કુલ ૨૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



રાજકોટ તા. ૨૨

રાજકોટઃ માદક પદાર્થ સાથે વધુ એક શખ્સને પકડી લેવાયો હતો. કુવાડવા રોડ પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને કુવાડવા ગામ ખાતેથી ૨૬૭ ગ્રામ ગાંજા સાથે કુવાડવા મેનઇ બજાર મહેશ ડેરીની સામે રહેતાં અઠાવન વર્ષના બિપીનપરી સોમપરી ગોસાઇને ઝડપી લઇ વિશેષ તપાસ હાથ ધરી હતી.

વિગતો જોઇએ તો ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. જયદિપભાઇ ધોળકીયા, ભાવેશભાઇ મુળુભાઇ મકવાણાને બાતમી મળી હતી કે કુવાડવા ગામ ભીમેશ્વર મહાદેવના મંદિર પાસે ગાંજાનો જથ્થો રાખીને વેચાણ કરી રહ્યો છે. તેના આધારે દરોડો પાડવામાં આવતાં બિપીનપરી ગોસાઇ ગાંજા સાથે મળી આવ્યો હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયાએ આ પદાર્થ ગાંજો હોવાનો અભિપ્રાય આપ્યા બાદ આ શખ્સ સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી રૂા. ૧૩૧૫૦નો ગાંજો કબ્જે કરી તેની ધરપકડ કરાઇ હતી. આ ઉપરાંત રોકડા, મોબાઇલ મળી કુલ રૂા. ૨૩૧૫૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.

દરોડાની આ કામગીરી પોલીસ ઇન્સ. એ. એન. જાનીની રાહબરીમાં પીએસઆઇ એસ. બી. જાડેજા, એએસઆઇ ખોડુભા જાડેજા, હેડકોન્સ. અજીતભાઇ લોખીલ, હિતેષભાઇ માલકીયા, અરવિંદસિંહ ગોહીલ, કુશાલભાઇ જોષી, પીન્ટુભાઇ હીરપરા, જયપાલભાઇ બરાળીયા, ડ્રા.કોન્સ. અજીતભાઇ ચાવડા સહિતે આ કામગીરી કરી હતી. આ શખસ ગાંજો ક્યાંથી લાવ્યો તેની તપાસ હાથ ધરવામાં આવી હતી.

### ભાવનગરના લઠ્ઠાકાંડને પગલે રાજ્યરમાં દારૂના ધંધાર્થીઓ, બૂટલેગરો પર તવાઇ

# રાજકોટ પોલીસનું એક જ લક્ષ્યઃ દારૂ-દારૂ ને દારૂ : ૧૦ દરોડા

### ફુલ નહિ તો ફુલની પાંખડી અનુસાર ચપલાથી લઇ બોટલો, છુટકથી લઇ મોટો જથ્થો કબ્જેઃ બ્રાંચ, ડીવીઝનોની ટીમોના ઠેકઠેકાણે દરોડાઃ દેશીના ધંધાર્થીઓ ઉપર પણ ધોંસ બોલી

રાજકોટઃ ભાવનગરમાં લઠ્ઠા કાંડને પગલે થયેલા મોતની ઘટનાઓ પછી રાજ્યભરમાં પોલીસ દારૂના ધંધાર્થીઓ પર તૂટી પડી છે. દેશી વિદેશીના ધંધાર્થીઓ, હેરાફેરી કરનારાઓને સતત પકડવામાં આવી રહ્યા છે. આ વચ્ચે રાજકોટ શહેર પોલીસ બ્રાંચ દ્વારા અલગ અલગ દસ દરોડા પાડી ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ ચપલાથી લઇ બોટલો, બે પાંચથી લઇ જથ્થા સુધીનો દારૂનો મુદ્દામાલ વાહનો કબ્જે કર્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો રાજકોટની ભાગોળે કુવાડવાથી મઘરવાડા ગામ તરફ જતા રસ્તે ગુંદા ગામના પાટીયા પાસેથી કુવાડવા રોડ પોલીસે બાતમીના આધારે દરોડો પાડી કારમાં પોણા લાખનો દારૂનો જથ્થો લઇને નિકળેલા કુવાડવાના આરોપીને ઝડપી રૂા.૫.૮૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. પૂછતાછમાં બે આરોપીના નામ ખુલતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી. કુવાડવા ગામથી મઘરવાડા ગામ તરફ જતા રોડ પર ગુંદા ગામના પાટીયા પાસેથી કુવાડવા રોડ પોલીસના એએસઆઇ કે.વી. જાડેજા અને કોન્સ્ટેબલ ભાવેશભાઇ મકવાણા સહિતના સ્ટાફે કારમાં દારૂનો જથ્થો લઇને નિકળેલા હિતેશ સુંદરજીભાઇ સોલંકી ( રહે. કુવાડવા ગામ)ને પકડી રૂા. ૭૪,૧૭૭ની કિંમતની દારૂની ૧૦૫ બોટલ, ફોન અને કાર મળી કુલ રૂા.૫,૮૪,૧૭૭નો મુદામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછતાછમાં ધીરૂ રામભાઇ પટગીર (રહે.કુવાડવા) અને રવુભા ખાચર (રહે.ખાટડી, સુરેન્દ્રનગર)નું નામ ખુલતા પોલીસે તની શોધખોળ શરૂ કરી છે.

બીજી તરફ અન્ય દરોડામાં બોલબાલા માર્ગ પર આહીર ચોક નજીકથી પી.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ દિલીપભાઇ બોરીચા અને કોન્સ્ટેબલ વિશાલભાઇ દવે સહિતના સ્ટાફે ફારૂક ઉર્ફે ફારકો મજીદભાઇ સાંજી (ઉ.વ.૩૫ રહે.હુસૈની ચોક, જંગલેશ્વર)ને પકડી રૂા.૯૫,૧૭૨ની કિંમતી દારૂની ૩૬ બોટલ, ફોન અને કાર સહિત રૂા.૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછતાછમાં જયસુખ કેશુભાઇ મકવાણા (રહે.લીલી સાજડીયાળી)નું નામ ખુલતા શોધખોળ શરૂ કરી હતી. ત્રીજા દરોડામાં ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી બીડીવીઝન પોલીસના જમાદાર કે.એન. જાડેજા એન કોન્સ્ટેબલ જગમાલભાઇ જાદવ સહિતના સ્ટાફે બાતમીના



આધારે નિલેશ પ્રવિણભાઇ રામાણી (રહે. તિરૂપતિ પાર્ક, ગ્રીનલેન્ડ ચોકડી)ને પકડી દારૂના ૪ ચપલા અને બાઇક મળી કુલ રૂા. ૩૦, ૮૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો.

આ ઉપરાંત ચોથા દરોડામાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર મહાપુજાધામ ચોક નજીકથી એલ.સી.બી. ઝોન-૨ની ટીમના હેડકોન્સ સહદેવસિંહ જાડેજા, કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફે રાહુલ મુળજીભાઇ ધમ્મર (ઉ.વ.૨૧ રહે. આંબેડકરનગર કાલાવડ રોડને રૂા. ૧૨ હજારની દારૂની ૩૦ બોટલ સાથે પકડી લીધો હતો. પાંચમા દરોડામાં નાનામવા મેઇન રોડ પર માલધારી ચોક પાસેથી માલવીયાનગર પોલીસના એ.એસ.આઇ. કે. બી. શેખલીયા, હેડ કોન્સ્ટેબલ સારંગભાઇ ઓગાણીયા સહિતના સ્ટાફે ઉત્સવ તુષારભાઇ રાજકોટીયા (ઉ.વ.૨૩ રહે.નેહરૂનગર)ને પકડી ૧ હજારના દારૂના ૪ ચપલા કબ્જે કર્યા હતા.

જ્યારે છઠ્ઠા મવડી રોડપર આનંદ બંગલા ચોક પાસે સ્વાશ્રય સોસાયટીમાંથી એલ.સી.બી.ઝોન-૨ની ટીમના એએસઆઇ જયંતીભાઇ ગોહીલ, હેડ કોન્સ્ટેબલ સત્યજીતસિંહ જાડેજા સહિતના સ્ટાફે અજય અશોકભાઇ વાળા (ઉ.વ. ૩૫ રહે. રામનગર, મવડી મેઇન રોડને પકડી ૧૦,૪૦૦ની દારની ૨૬ બોટલ અને એકટીવા મળી કુલ રૂા. ૬૦, ૪૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. સાતમાં દરોડામાં કોઠારીયા રીંગરોડ પર ખોખડદળ નદીના પુલ પાસેથી આજીડેમ પોલીસે દેવેન્દ્ર રામનિવાસ (ઉ.વ.૪૨ રહે.વીઆઇએલ કેમ્પ, વિરપુર, મુળ હરીયાણા)ને દારૂની ૧બોટલ સાથે પકડી લીધો હતો.

આ ઉપરાંત આઠમાં દરોડામાં ભગવતીપરાની નંદનવન સોસાયટીમાંથી બી ડીવીઝન પોલીસે ઇસ્માઇલ ફારૂકભાઇ શરાણી (રે.ભગવતીપરા, જેમાડી હોટલમાં, મુળ જોડીયા)ને ૧૦,૪૩૬ની કિંમતના દારૂ અને એકટીવા સહિત કુલ ૮૦,૪૩૬ના મુદામાલ સાથે પકડી લીધો હતો.

નવમા દરોડામાં મોરબી રોડ પર ઓમકાર પાર્ક મેઇન રોડ પર સાનિધ્ય એપાર્ટમેન્ટ બહાર ક્રાઇમબ્રાંચના પી.એસ.આઇ. એ.એન. પરમાર અને કોન્સ્ટેબલ મયુરધ્વજસિંહ જાડેજા સહિતના સ્ટાફે દરોડા પાડી છોટાહાથીમાંથી રૂા.૨૨,૪૦૦ની કિંમતના દારૂના ૬૪ ચપલા સહિત કુલ રૂા.૧.૭૨ લાખનો મુદામાલ કબ્જે કરી ફરાર છોટાહાથીના ચાલકની શોધખોળ શરૂ કરી હતી. દસમા દરોડામાં રાજકોટ નજીક લોઠડા ગામે વિશાલ મેન્યુફેકચર નામના કારખાનાની ઓરડીમાં ક્રાઇમબ્રાંચના પી.એસ.આઇ. વી.ડી. ડોડીયા, હેડ કોન્સ્ટેબલ જયરાજસિંહ કોટીલા, ધારાભાઇ વાનરીયા સહિતના સ્ટાફે દરોડો પાડી પ્રવિણભાઇ વિહાભાઇ જાદવ (ઉ.વ.૩૪ રહે.ગંજીવાડા)ને રૂા.૭૨૮૮ની દારૂની ૧૭ બોટલ સાથે ઝડપી લીધો હતો. આમ વિદેશી દારૂની હેરફેર પણ ધોંસ બોલી ગઇ હતી.

### કોને ક્યારે કેવી રીતે ગઠીયા છેતરી જાય તે નક્કી જ નથીઃ વધુ કરોડોની ઠગાઇ

# પ્રોજેક્ટના નામે કોન્ટ્રકટર સાથે છ કરોડની ઠગાઇ

## બીજી તરફ હીરાના વેપારીઓ સાથે પોણા પાંચ કરોડની છેતરપીંડીઃ પોલીસે ગેંગના સુત્રધારને દબોચી લીધો

રાજકોટઃ છેતરપીંડીના સતત બની રહેલા બનાવોમાં રોજ નવા નવા ફરિયાદી પોલીસ સ્ટેશનો ખાતે પહોંચતા રહે છે અને એફઆઇઆર નોંધાવતા રહે છે. વધુ આવા બનાવો સામે આવ્યા હતાં. જેમાં એક કોન્ટ્રાક્ટર સાથે સબકોન્ટ્રાકટર એવી બે કંપનીએ આશરે છ કરોડની ઠગાઇ કરી નાખી હતી. બીજી તરફ આંતરરાષ્ટ્રીય હીરા ઠગાઇના કેસમાં પોણા પાંચ કરોડથી વધુના હીરાની છેતરપીંડી કરવામાં આવી હતી. આ કિસ્સામાં પોલીસે આરોપીને દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાની દિનેશચંદ્ર એક્વાટેક કંપની સાથે રાજસ્થાનના ત્રપ પ્રોજેક્ટમાં છેતરપિંડી થઈ હતી. અમદાવાદની સીનર્જેઝ સોલ્યુશન અને સુરતની ટર્બોટેક ઇન્ફ્રાનેટના ચાર ડાયરેક્ટરોએ સબ-કોન્ટ્રાક્ટના નામે કુલ ૫.૯૧ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. ગોત્રી પોલીસે ચારેય ડાયરેક્ટર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. રાજસ્થાનના ત્રણ પ્રોજેક્ટના સબ કોન્ટ્રાક્ટનું કામ લીધા બાદ કોન્ટ્રાક્ટર સાથે રૂપિયા ૫.૯૧ કરોડની છેતરપિંડી કરનાર અમદાવાદ અને સુરતની બે કંપનીના ડાયરેક્ટર્સ સામે પોલીસ ફરિયાદ નોંધાઇ હતી.

વધુ માહિતી અનુસાર વડોદરાના સારાભાઇ કેમ્પસ ખાતે દિનેશચંદ્ર એક્વાટેક કંપનીનું લીગલ કામ કરનાર વિનેશભારતી ગોસ્વામીએ પોલીસને કહ્યું છે કે,રાજસ્થાનના ગંગાનગર પ્રોજેક્ટના ગટરના પાણીને વિભાજન કરવાનો સબ કોન્ટ્રાક્ટ અમદાવાદની સીનર્જેઝ સોલ્યુશન પ્રા.લિ.ના ડાયરેક્ટર મૌનેશ નિરંજન પંડયા અને તેની પત્ની હર્ષા પંડયા (બંને રહે.ઇન્દ્ર-સ્થ-૨,આંબાવાડી, અમદાવાદ)ને આપ્યો હતો. જ્યારે,ગંગાપુર સિટિ પ્રોજેક્ટ અને સવાઇ-માધુપુર પ્રોજેક્ટનો સબ કોન્ટ્રાક્ટ સુરતની ટર્બોટેક ઇન્ફ્રાનેટ પ્રા.લિ.ના ડાયરેક્ટર કૈલાસચંદ્ર રામગોપાલ લોહિયા અને તેની પત્ની દિશા લોહિયાને આપ્યો હતો.

જેમાં મૌનેશ પંડયા પણ જોડાયેલા હતા.આ બંને કંપની માટે વડોદરાના અક્ષર પેવેલિયન ખાતેની એચડીએફસી બેન્કમાં ખાતું ખોલાવ્યું હતું. ફરિયાદીએ કહ્યું છેકે આ પૈકીની સીનર્જેઝ કંપનીએ તો કામ જ શરૂ નહતુ કર્યું અને તેના ખાતામાં ટર્બોટેક કંપનીએ રૂપિયા ૬૪ લાખ ઉધારીને મેળવી લીધા હતા.જેથી તેનો કોન્ટ્રાક્ટ રદ કર્યો હતો.જ્યારે ટર્બોટેકે કામ ચાલુ કર્યા બાદ બંધ કરી દીધું હતું.જેથી ટર્બોટેક કંપનીએ માલ મંગાવવાના નામે રૂપિયા




૩.૨૮ કરોડ વગે કર્યા હતા અને સોલર પેનલ ખરીદવાના નામે રૂ.૨.૬૩ કરોડ પણ વગે કર્યા હતા.જેથી ગોત્રી પોલીસે ચારેય ડાયરેક્ટર સામે ગુનો નોંધ્યો હતો.

બીજી તરફ સુરતના હીરા વેપારીઓ સાથે વર્ચ્યુઅલ મોબાઇલ નંબર અને નકલી ઓળખના આધારે ૪.૮૦ કરોડના કિંમતી હીરા મેળવી છેતરપિંડી આચરવાના આંતરરાષ્ટ્રીય કાવતરામાં સામેલ મુખ્ય સૂત્રધાર નિતિનકુમાર ઉર્ફે કાનો પ્રભુભાઇ વડછકની સુરત શહેર ઇકો સેલ/ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આરોપીએ વિદેશી કંપનીઓના નામે ખોટી ઓળખ આપી હીરાની હેરાફેરી કરી હતી. આ કેસમાં અગાઉ ૬ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર નિતિનને લાજપોર જેલમાંથી ટ્રાન્સફર વોરંટ આધારે પકડી રીમાન્ડ મેળવ્યા હતાં. આરોપીઓની ગેંગ સુરતના વેપારીઓએ ઁૈષ્ટ્ક્ફૂદ વેબસાઇટ પર મૂકેલા હીરાની વિગતો, નામ અને નંબર મેળવતી હતી. ત્યારબાદ એક્સઇમ્પેડીયા જેવી વેબસાઇટ્સ પરથી અમેરિકાની જાણીતી હીરા કંપનીઓ અને તેમના હોદ્દેદારોના ફોટા તથા લોગો ચોરી કરતી હતી.

આરોપીઓ વિદેશના વર્ચ્યુઅલ ગેટવે નંબરો પર અધિકારીઓના ફોટાવાળા વ્હોટસએપ એકાઉન્ટ બનાવી સુરતના વેપારીઓનો સંપર્ક કરતા હતા અને ૭ દિવસમાં પેમેન્ટ આપવાની શરતે વિશ્વાસ કેળવી હીરા ખરીદવાની ડીલ ફાઇનલ કરતા હતા. સોદો નક્કી થયા બાદ આરોપીઓ વેપારીઓ પાસેથી કિંમતી હીરા દુબઈ, હોંગકોંગ અને બેંગકોક ખાતે મંગાવી લેતા હતા. માલ મળી ગયા બાદ તમામ વર્ચ્યુઅલ નંબરો બંધ કરી વેપારીઓનું પેમેન્ટ અટકાવી દેતા હતા. ફરિયાદી સંજયભાઇ ગોટી સહિતના વેપારીઓ સાથે છેતરપિંડી થતાં પોલીસ કમિશનરની સૂચનાથી ડીસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી નિકુંજ આંબલીયા, મિતુલ ગોટી, અનુજ શાહ, ચેતન સાગર, હરેકૃષ્ણ રાવળ અને ધર્મેન્દ્ર ખેરડીયાની ધરપકડ કરવામાં આવી હતી.

આ અંગે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલો આરોપી નિતિન ઉર્ફે કાનો રીઢો ગુનેગાર છે અને વિદેશ માલ મોકલવા તથા હીરાની હેરાફેરી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવતો હતો. તેની સામે સુરત સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અગાઉથી ગંભીર ગુના નોંધાયેલા છે. હાલ પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપી પાસેથી આંતરરાષ્ટ્રીય કનેક્શન અને અન્ય વેપારીઓ સાથે થયેલી છેતરપિંડી અંગે ડાણપૂર્વક પૂછપરછ શરૂ કરવામાં આવી હતી.

### મકાન વેંચતા ઉપજેલી રકમનું રોકાણ કરી આવળ રળવાનો પ્રયાસ રડાવી ગયો

# રોકાણ પર બે મહિના નફો મળ્યો, પછી લાગ્યો ૨૧ લાખનો ચૂનો

## રૈયા રોડ વિસ્તારના યુવાનને તેનો જ જ્ઞાતિજન છેતરી ગયોઃ સિક્યુરીટી પેટે બે ચેક લખી આપ્યો અને છેલ્લે કહી દીધું રૂપિયા નથી દેવા કેસ કરવો હોય તો કરી લેઃ યુવાને કેસ નોંધાવતાં ગાંધીગ્રામ પોલીસે તપાસ આદરી

રાજકોટઃ ઘણીવાર માણસ પાસે રૂપિયા હોય અને તે રોકાણ કરી આ રૂપિયાને ડબલ બનાવવા જાય કે પછી રોકાણ પર નફો વ્યાજ મેળવવા જોય તો તેને ઉલ્ટાનો ડામ લાગી જતો હોય છે. આવી ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. વધુ એક કિસ્સામાં એક યુવાન સાથે ઠગાઇ થઇ હતી. જેમાં તેણે પોતાનું મકાન વેંચતા એકવીસ લાખ ઉપજ્યા હતાં. આ રકમનું રોકાણ કરવાથી ઘરે બેઠા દર મહિને વળતર મળે એવા સારા હેતુથી તેણે પોતાનું ખાતુ એકદંત મંડળીમાં હોઇ આ મંડળીનો સંચાલક જ્ઞાતિજન જ હોઇ તેને રોકાણની વાત કરતાં આ શખ્સે તેને શરૂઆતમાં રોકાણ પર પોણા બે ટકા વ્યાજ આપ્યું હતું. પરંતુ બે મહિના સુધી જ તેમને આ વ્યાજ મળ્યું હતું. પછી એકવીસ લાખ મંડળીનો સંચાલક ખાઇ ગયો હતો. એટલુ જ નહિ છેલ્લે તો તેણે કેસ કરવો હોય તો કરી લે રૂપિયા નહિ જ મળે તેવુ કહી દીધુ હતું!

આ ફ્રોડની વિગતો પર નજર કરીએ તો રૈયા રોડ પર રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં યુવાને મકાન વેંચતા ઉપજેલા એકવીસ લાખ રૂપિયાનું પોતાની જ જ્ઞાતિના યુવાન એકદંત શરાફી મંડળી ચલાવતાં હોઇ તેમાં રોકાણ કરતાં મંડળી સંચાલકે દર મહિને રોકાણ પર મહિને પોણા બે ટકા વ્યાજ આપવાની લાલચ આપી રકમ મેળવી લઇ શરૂઆતમાં બે મહિના સુધી વળતર આપી પછી વળતર આપવાનું બંધ કરી દેતાં યુવાને પોતાની મુડી પાછી માંગતા સંચાલકે હાલ રૂપિયા નથી આવે ત્યારે આપીશ તેમ કહી આજ સુધી રકમ પાછી ન આપતાં અંતે તેના વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવવામાં આવતાં તપાસ શરૂ થઇ છે.

ઠગાઇના આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે રૈયા રોડ તુલસી સુપર માર્કેટ સામે સમૃધ્ધી પાર્ક-૩માં રહેતાં અને વૈશાલીનગરમાં ગાંધી ડ્રેર્સ નામની દુકાનમાં સોળ વર્ષથી



નોકરી કરતાં પાંત્રીસ વર્ષના ગૌરાંગભાઇ કમલેશભાઇ જોષીની ફરિયાદ પરથી રૈયા રોડ હનુમાનમઢી નજીક અલ્કાપુરીમાં શ્રીજીકૃપા ખાતે રહેતાં નિલેષ રજનીકાંત જોષી વિરૂધ્ધ એફઆઇઆર નોંધાઇ હતી. ગૌરાંગભાઇએ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમણે વર્ષ ૨૦૨૧માં ગાંધીગ્રામ શેરી નં. ૮માં આવેલું પોતાનું મકાન રૂ. ૨૩,૬૦,૦૦૦માં વેચ્યું હતું.

આ નાણાંનું રોકાણ કરવા માટે તેમણે વર્ષ ૨૦૦૮થી ઓળખીતા અને સદગુરૂ તિર્થધામમાં એકદંત શરાફી મંડળી ધરાવતા નિલેશ જોષી સાથે વાત કરી હતી. વર્ષ ૨૦૨૨માં નિલેશ જોષીએ તેમને તમારી પાસે જેટલા રૂપિયા હોય તે મને આપી દો, હું ધંધામાં રોકાણ કરી મહિને ૧.૭૫ ટકા વળતર આપીશ તેવી લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા. નિલેશ જોષીની વાતોમાં આવીને ગૌરાંગભાઈએ પોતાની બેંક ઓફ બરોડા આમ્રપાલી રોડ શાખામાંથી કટકે-કટકે નાણા ઉપાડી મે-૨૦૨૨માં કુલ રૂ. ૨૧,૦૦,૦૦૦ રોકડા એકદંત શરાફી મંડળીની ઓફિસે આપ્યા હતા.

શરૂઆતમાં બે મહિના સુધી ૧.૭૫ ટકા લેખે નક્કી કર્યા મુજબ વળતર ચુકવ્યા બાદ નિલેશે વળતર આપવાનું બંધ કરી દીધું હતું. મુડીની રકમ પરત માગતા તેણે હાલ રૂપિયા નથી, આવશે એટલે આપી દઈશ તેવા બહાના બતાવવાનું શરૂ કર્યું હતું. દરમિયાન નિલેશ જોષી વિરૂધ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જી.પી.આઈ.ડી. એક્ટ હેઠળ ગુનો નોંધાતા તેની ધરપકડ થઈ હતી. જેલમાંથી છૂટ્યા બાદ ગૌરાંગભાઈ તેને મળતા તેણે નાણાં પરત આપવાની ખાતરી આપી હતી. તા. ૧૮/૦૯/૨૦૨૪ના રોજ તેણે ગૌરાંગભાઈ અને તેમના પત્નિ પૂજાબેન જોષીના સંયુક્ત નામે રૂ. ૨૧ લાખ ધંધામાં રોકાણ માટે મેળવ્યા હોવાનું અને ભાગીદાર બનાવ્યા હોવાનું નોટરી લખાણ કરી આપ્યું હતું.

આ ઉપરાંત સિક્યુરિટી પેટે પોતાના એચડીએફસી બેંકના ખાતાના રૂ. ૧૦.૫૦ લાખના બે ચેક આપ્યા હતા. જો કે નોટરી લખાણ અને ચેક આપ્યા બાદ પણ અવારનવાર નાણાંની ઉઘરાણી કરવા છતાં નિલેશ જોષીએ રૂપિયા પરત ન આપી બહાનાબાજી ચાલુ રાખી હતી. અંતે નિલેશે પોતાની દાનત બગાડી ગૌરાંગભાઈને તમારે કેસ કરવો હોય તો કરી નાખજો, હું તમારા રૂપિયા આપીશ નહીં તેમ કહી સીધો નકાર ભણી દીધો હતો. જેથી પોતાની સાથે થયેલી રૂ. ૨૧ લાખની ઠગાઈ અંગે ગૌરાંગભાઈ જોષીએ નિલેશ રજનીકાંત જોષી વિરૂધ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ. પી. ગઢવીના માર્ગદર્શનમાં પીએસઆઇ એ. બી. ચાવડાએ એફઆઇઆરને આધારે તપાસ આગળ ધપાવી હતી.

# રૈયાધારમાં પાડોશી બાખડ્યાઃ યુવાન, પિતા, ભાઇ પર હુમલો

## ઉંધી તલવાર અને ઢીકાપાટુ મારી અપમાનીત પણ કર્યાઃ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

રાજકોટઃ મારામારીના વધુ એક બનાવમાં પાડોશી પાડોશી પર તૂટી પડ્યા હતાં. રૈયાધાર સ્લમ ક્વાર્ટર વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. જેમાં યુનિવર્સિટી પોલીસે રૈયાધાર સ્લમ ક્વાર્ટર બ્લોક નં. ૫૪માં રહેતાં અને કડીયા કામની મજૂરી કરી ગુજરાન ચલાવતાં મનસુખભાઇ અમૃતભાઇ વાઘેલા નામના સાડત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી તૌફિક, ચીકુબેન તૌફિક, અમન જાવેદ અને તેના મોટા ભાઇ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

વિશેષ માહિતી અનુસાર રાતે મનસુખભાઇના નાના ભાઇ કમલેશને સામે રહેતા તોફિક સાથે બોલાચાલી થઈ હતી, જેથી માતા-પિતાએ ત્યાં જઈ કમલેશને સમજાવી ઘરે લઈ આવ્યા હતા. ત્યારબાદ રાત્રે સવા દશેક વાગ્યાના અરસામાં મનસુખભાઈના પિતા અમૃતભાઈ ઘર પાછળ આવેલી દુકાને પાન-ફાકી ખાવા જઈ રહ્યા હતા. ત્યારે શેરીમાં સામેથી હાથમાં તલવાર લઈને આવેલા તોફિક, તેની પત્નિ ચીકુબેન, અમન જાવેદ અને અમનનો મોટો ભાઈ એમ ચારેય જણાએ અમૃતભાઈને ગાળો આપી માર



મારવાનું શરૂ કર્યું હતું. દેકારો સાંભળી પિતાને બચાવવા માટે મનસુખભાઈ અને તેમના પત્નિ મીનાબેન વચ્ચે પડતા હુમલાખોરોએ મનસુખભાઈને પકડી લઈ તલવારના ધી ધારના ઘા વાંસામાં, પગમાં, ખંભામાં તથા ગરદનના ભાગે મારી મુઢ ઈજાઓ પહોંચાડી હતી.

આ ઉપરાંત આ બધાએ મનસુખભાઈને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી તમને મારી નાંખવા છે કહી ઢીકાપાટુ મારી ધમકી દીધી હતી. હુમલામાં ઈજાગ્રસ્ત મનસુખભાઈ, તેમના પિતા અમૃતભાઈ અને ભાઈ કમલેશને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. મનસુખભાઇના ભાઇ કમલેશને કુટુંબી ભાઇ કેશુભાઇનાના ઘરે ભાભી રસીલાબેન સાથે બોલાચાલી થઇ હતી. આ બંને ભાઇ-ભાભીને તૌફિક સાથે સારા સંબંધ હોઇ જેથી તૌફિક સહિતે ઉઘરાણુ લઇ માથાકુટ કરી હતી. તેમ ફરિયાદમાં જણાવતાં પીએસઆઇ આઇ. એ. બેલીમે ગુનો નોંધ્યો હતો.

### અલગ અલગ વેપારીઓ સાથે વિશ્વાસ કેળવી ફ્રોડ આચરવાની વધી રહેલી ઘટનાઓ

# કાપડના વેપારીને દંપતિએ લગાવ્યો પંદર કરોડનો ચૂનો

## સેલ્સમેન પતિ અને ડિઝાઇનર પત્નિનું કારસ્તાનઃ બીજી તરફ બીલ્ડરનો સ્વાંગ રચી જ્વેલર્સ સાથે સાડા ચાર કરોડની ઠગાઇઃ આખો ઠગ પરિવાર પોલીસની ઝપટમાં

રાજકોટઃ વેપારીઓ સાથે ઠગાઇના બનાવો વારંવાર બનતા રહે છે. તેમાં પણ કાપડના અનેક વેપારીઓને અત્યાર સુધીમાં કરોડોના ચુના લાગી ચુક્યા છે. વધુ એક વખત એક સેલ્સમેન અને તેની કહેવાતી ડિઝાઇનર પત્નિ સાથે મળી વેપારીનું સાડા પંદર કરોડનું કાપડ ખાઇ ગયા છે. આ મામલે પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. બીજી તરફ જ્વેલર્સ સાથે પોણા પાંચ કરોડની ઠગાઇ કરવામાં આવી હતી.

વિગતો જોઇએ તો સુરતના ખટોદરા વિસ્તારમાં ઈ-કોમર્સ અને ટેક્સટાઇલનો બિઝનેસ કરતી કંપની સાથે તેના જ બે કર્મચારીઓએ મળીને ૧૫.૫૭ કરોડની જંગી છેતરપિંડી આચરી હોવાનો મામલો સામે આવ્યો છે. કંપનીના અધિકૃત -તિનિધિ હિરેનભાઈ અશોકભાઈ કપાસિયાવાલાની ફરિયાદના આધારે ખટોદરા પોલીસે ફેશન ડિઝાઇનર તોરલ ચિરાગ બારોટ અને તેના પતિ ચિરાગ બારોટ સામે વિશ્વાસઘાત અને ઉચાપતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. ફરિયાદ અનુસાર, બંને આરોપીઓ કંપનીમાં ફરજ બજાવતા હતા. તોરલ ફેશન ડિઝાઇનર તરીકે અને ચિરાગ સેલ્સનું કામ સંભાળતો હતો. બંનેએ કંપની સંચાલકોને જૂના સંપર્કો દ્વારા મોટો બીટુબી બિઝનેસ વધારી સારો નફો અપાવવાનો વિશ્વાસ આપ્યો હતો. જેથી કંપનીએ તેમને ખરીદ-વેચાણની જવાબદારી સોંપી હતી.

આ દરમિયાન બંનેએ ચલણ બનાવી કંપનીમાંથી ૧૦.૬૨ કરોડનો માલ ઉપાડ્યો હતો પણ કંપનીમાં કોઈ રકમ જમા કરાવી નહોતી. આંતરિક તપાસમાં ખુલાસો થયો કે ચલણ પર દર્શાવેલી પાર્ટીઓએ માલ મેળવવાનો કે આરોપીઓને ઓળખવાનો સાફ ઇનકાર કર્યો હતો, જેનાથી બોગસ ચલણનો ખેલ સામે આવ્યો. આ ઉપરાંત દંપતીએ કંપનીના નામે માર્કેટના અન્ય વેપારીઓ પાસેથી રૂપિયા ૪.૯૪ કરોડનો માલ ખરીદી બારોબાર વેચી દીધો હતો અને તેના નાણાં પણ ચૂકવ્યા નહોતા. આમ, કંપનીનો સ્ટોક અને બજારમાંથી ઉઠાવેલો માલ મળીને કુલ રૂપિયા ૧૫.૫૭ કરોડની ગેરરીતિ આચરવામાં આવી હતી.

આરોપીઓએ ચૂકવણીના નામે ૮૬.૫૬ લાખ, ૨.૮૦ કરોડ, ૨૫ લાખ અને ?૫૦ લાખ જેવી રકમના નકલી બેંક ડિપોઝિટ સ્લિપ



અન યપીઆઇ સ્ક્રીનશોટ કંપનીને મોકલ્યા હતા પરંતુ, એકપણ રૂપિયો ખાતામાં જમા થયો નહોતો. એટલું જ નહીં, આરોપીઓએ વિવિધ પાર્ટીઓના નવ ચેક આપ્યા હતા, જેમાંથી ત્રણ ચેક ફંડના અભાવે બાઉન્સ થયા હતા. માર્કેટના વેપારીઓને ચૂકવવા માટે પોતાના અંગત ખાતામાંથી ૩.૯૨ કરોડના ચેક પણ આપ્યા હોવાનું સામે આવ્ય હતું. આમ વધુ એક વેપારી સાથે મસમોટી ઠગાઇ થઇ હતી.

બીજી ઘટના જોઇએ તો બીજી તરફ અમદાવાદ શહેર પોલીસની આર્થિક ગુના નિવારણ શાખાએ જાણીતા જ્વેલર્સ સાથે રૂપિયા ૪.૪૫ કરોડના હીરા અને સોનાના દાગીનાની ઠગાઈ આચરનાર કુખ્યાત મહાઠગ અનિલ વિભાણી સહિત તેના સમગ્ર પરિવારની ધરપકડ કરી હતી. આરોપીઓ વેપારીઓ સમક્ષ પોતે બહુ મોટા બિલ્ડર છે, જમીનોની મોટી લે-વેચનું કામકાજ કરે છે અને ટોચના ઉદ્યોગપતિઓ સાથે ગાઢ સંબંધો ધરાવે છે તેવી મોટી-મોટી વાતો કરીને વેપારીઓને વિશ્વાસમાં લેતા હતા. આ મામલે જ્વેલર્સે ફરિયાદ નોંધાવતા પોલીસે અનિલ વિભાણી, તેની પત્નિ વિમ્મી, પુત્ર વેદાંત અને જમાઈ શિવમ ગઢવીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ બારામાં પોલીસ તપાસ અને આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે અનિલ, તેની પત્ની વિમ્મી, દીકરી રાજવી, પુત્ર વેદાંત અને જમાઈ શિવમ ગઢવી ભેગા મળીને આખું કાવતરું ઘડતા હતા. ખરીદી કરવા માટે આખો પરિવાર એકસાથે જ્વેલર્સના શોરૂમમાં પહોંચતો અને પોતાની અત્યંત વૈભવી જીવનશૈલી તેમજ મોંઘી રહેણીકરણીનો દેખાડો કરતો હતો. તેમની વાકછટા અને વ્યક્તિત્વથી સામેવાળા વેપારીઓ અંજાઈ જતા હતા. શરૂઆતમાં તેઓ થોડા પૈસા ચૂકવીને વેપારીઓ સાથે મજબૂત વિશ્વાસ કેળવતા હતા, જેના પછી એકસાથે મોટા પ્રમાણમાં સોના અને હીરાના દાગીના ખરીદી લેતા હતા. મોટી કિંમતના દાગીના મેળવ્યા બાદ જ્યારે વેપારીઓ પેમેન્ટની માંગણી કરતા, ત્યારે આરોપીઓ જમીન વેચાણના કરોડો રૂપિયા આવવાના બાકી છે કે મોટું કમિશન મળવાનું છે તેવા વિવિધ બહાનાઓ આગળ ધરીને પૈસા ચૂકવવાનું ટાળતા હતા.

આરોપીઓએ આ રીતે છેતરપિંડીથી મેળવેલા નાણાંમાંથી જ પોતાની શાહી અને વૈભવી લાઈફસ્ટાઈલ ભી કરી રાખી હતી. ઉલ્લેખનીય છે કે અગાઉ નોંધાયેલા ગુનાઓની તપાસ દરમિયાન આરોપીઓના લોકરમાંથી આશરે ૯ કરોડ રૂપિયાના દાગીના જપ્ત કરવામાં આવ્યા હતા. આરોપી અનિલ વિભાણી રીઢો ગુનેગાર હોવાનું સામે આવ્યું છે. તેની સામે અગાઉ સીઆઈડી ક્રાઈમ સહિત વિવિધ ૧૧ પોલીસ સ્ટેશનોમાં અંદાજે ૧૫ કરોડ રૂપિયાથી વધુની ઠગાઈ અને છેતરપિંડીના ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા હતાં.

### સગીર વયની છાત્રાઓ અવાર-નવાર ફસાઇ જતી હોય છે લેભાગુઓની જાળમાં

# રેપીડોચાલકે છાત્રાને ફસાવી આચર્યુ દૂષ્કર્મ

## અવાર-નવાર હોટેલમાં લઇ જઇ બળજબરી આચરીઃ છાત્રાના પિતાને શંકા ઉપજતાં નજર રાખી હવસખોરને રંગેહાથ હોટેલના રૂમમાંથી પકડ્યો

રાજકોટઃ સગીરાઓ, યુવતિઓ અને છાત્રાઓને મિત્રતા તેમજ પ્રેમની જાળમાં ફસાવી દૂષ્કર્મ આચરી લેવાના કિસ્સાઓ અટકતા જ નથી. વધુ એક બનાવમાં એર હોસ્ટેસનો અભ્યાસ કરતી સત્તર વર્ષની છત્રાને એકવીસ વર્ષના યુવાને ફસાવી લીધી હતી અને હોટેલમાં લઇ જઇ દૂષ્કર્મ આચર્યુ હતું. આ સગીરાને લેભાગુએ સ્નેપચેટ-ઇન્સ્ટાગ્રામથી ફસાવી હતી. પોતે દિલ્હીમાં રહી રેપીડો રાઇડનું કામ કરે છે. સગીરા જાળમાં ફસાઇ ગયા પછી પ્રેમના નામે ખેલ ચાલુ કર્યો હતો અને દિલ્હીથી વડોદરા આવીને તેણીએ સગીરાને હોટેલમાં લઇ જઇ દુષ્કર્મ આચર્યુ હતુ. આવુ એક વખત નહિ વારંવાર કર્યુ હતું. જો કે અંતે તેનો ભાંડો ફુટ્યો હતો.

પોતાની સગીર દિકરીનું વર્તન શંકાસ્પદ જણાતું હોઇ પિતાએ તેના પર નજર રાખવાનું ચાલુ કર્યુ હતું. આ દરમિયાન સગીર છાત્રાના પિતાને જાણ થતાં તેઓ હોટેલ ખાતે પહોંચ્યા ત્યારે બંને રૂમમાંથી મળી આવ્યા હતાં. પોલીસે પોક્સો હેઠળ ગુનો દાખલ કરી આરોપીને સકંજામાં લીધો હતો. આ શખ્સે પણ બીજા લેભાગુઓની જેમ જ સોશિયલ મિડીયા માધ્યમ સ્નેપચેટ અને ઇન્સ્ટાગ્રામથી આ સગીર છાત્રાને પહેલા ફ્રેન્ડ બનાવી હતી અને બાદમાં તેણીને ફસાવી દેહ પીંખી નાંખ્યો હતો. ચોંકાવનારી વાત એ હતી કે દિલ્હીમાં રેપીડો રાઇડ ચલાવતો આ શખ્સ વારંવાર દિલ્હીથી વડોદરા આવતો અને સગીરા સાથે દેહસંબંધ બાંધી નીકળી જતો હતો.

વિગતો પર નજર કરીએ તો ઘટના વડોદરાની છે. પરંતુ આ પ્રકારના બનાવો કોઇપણ શહેર કે ગામમાં બનતા જ રહે છે. જેમાં આ વધુ એક ઘટના ઉમેરાઇ હતી. વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં સોશિયલ મીડિયાના માધ્યમથી સત્તર વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી શારીરિક શોષણ કરવાનો કિસ્સો સામે આવ્યો છે. અકોટા પોલીસે આ મામલે



રાજસ્થાનના ભરતપુરના એકવીસ વર્ષીય યુવક સામે પોક્સો અને એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે યુનિવર્સિટીમા બીકોમ તેમજ એર હોસ્ટેસનો અભ્યાસ કરતી સત્તર વર્ષીય સગીરાનો સંપર્ક ઇન્સ્ટાગ્રામ અને ેપચેટ દ્વારા રાજસ્થાનના ભરતપુરના એકવીસ વર્ષીય કરણવીર જાટ ચૌધરી સાથે થયો હતો.

વધુ માહિતી અનુસાર આરોપી દિલ્હીમાં સિક્યોરિટી ગાર્ડ અને રેપિડો ચાલક તરીકે કામ કરતો હતો. અવારનવાર દિલ્હીથી વડોદરા આવતો હતો અને સગીરાને હોટેલમાં બોલાવી દુષ્કર્મ આચરતો હતો. સગીરા તેની અન્ય ફ્રેન્ડના આઈડીનો ઉપયોગ કરીને હોટેલમાં ચેક-ઈન કરતી હોવાનું સામે આવ્યું છે. આરોપીએ સગીરા સાથે ચારથી પાંચ વખત શારીરિક સંબંધો બાંધ્યા હતા. સગીરાના પિતાને શંકા જતાં તેઓ દિકરીની તપાસ કરવા નીકળ્યા ત્યારે તેણી હોટેલ ખાતે ગઇ હોવાની માહિતી મળી હતી. તે સાથે જ તેઓ હોટેલે પહોંચ્યા હતા, જ્યાં તપાસ કરતા સગીરા અને આરોપી યુવક હોટેલમાંથી ઝડપાઈ ગયા હતા.

આ પછી પોલીસને જાણ કરવામાં આવી હતી. અકોટા પોલીસે આરોપી સામે દુષ્કર્મ, પોક્સો અને એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ કેસની આગળની તપાસ એસસીએસટી સેલના એસીપી ચંદ્રરાજ સોલંકી ચલાવી રહ્યા છે. વધુ તપાસ અર્થે એક વિશેષ પોલીસ ટીમ રાજસ્થાનના ભરતપુર ખાતે રવાના કરવા તજવીજ કરી હતી. આ રીતે સોશિયલ મિડીયાના માધ્યમનો દુરૂપયોગ કરી અનેક લેભાગુઓ અવાર-નવાર સગીર વયની બાળાઓ, છાત્રઓ, યુવતિઓ અને ક્યારેક તો પરણેલી કે વિધવા-ત્યક્તા મહિલાઓને પણ ફસાવી લેતા હોય છે અને તેની જિંદગી દોજખ બનાવી ભાગી જતાં હોય છે. આ કિસ્સામાં છેક દિલ્હીમાં રહી રેપીડો રાઇડનું કામ કરતાં શખ્સે સોશિયલ મિડીયાથી સત્તર વર્ષની છાત્રાને ફસાવી હતી અને દિલ્હીથી વડોદરા આવી દેહ પીંખી જતો હતો. વાલીઓ માટે પણ આ લાલબત્તી સમાન ઘટના ગણી શકાય તેવી છે.

### નોકરીના નામે છેતરી લેવાની મોડસ ઓપરેન્ડીનો વધુ એક વખત કર્યો ગઠીયાએ ઉપયોગ

# દોસ્તની દગાખોરીઃ વીસ વર્ષે મળ્યો ને સોળ લાખનો ડામ દીધો

## ટ્રાવેલ્સ સંચાલકને બે દાયકા બાદ જુના મિત્રએ ફોન કરી એરફોર્સમાં ડ્રાઇવરની નોકરી અપાવી દેવાની વાત કરી

## રોકડા પડાવ્યાઃ કુલ પાંચ જણાએ સોળ લાખ ગુમાવ્યાઃ ગઠીયો અમદાવાદમા પકડાતાં રાજકોટ પોલીસ કબ્જો

રાજકોટઃ હાલના સમયમાં ભણીગણીને સરકારી કે પછી સારી નોકરી મેળવવા માટે યુવાનો સતત સંઘર્ષ કરતાં હોય છે. મોટી ઉંમરે પણ સારી નોકરી મળી જતી હોય તો લઇ લેવાની લાલચથી લોકો દુર રહી શકતાં નથી. આવી જ એક લાલચમાં આવી જતાં ટ્રાવેલ્સ સંચાલક અને તેના ચાર મિત્રોએ લાખો ગુમાવ્યા હતાં. આ છેતરપીંડીમાં દોસ્ત જ દગાખોર બન્યો હતો. નોકરીના નામે આ ટ્રાવેલ્સ સંચાલક પાસેથી આઠ લાખ અને તેના બીજા ચાર ભાઇબંધો પાસેથી પણ આઠ લાખ આ ગઠીયાએ લઇ લીધા હતાં અને નકલી કોલલેટર પણ ધાબડી દીધો હતો. બાદમાં તપાસ કરતાં આ મિત્રને અમદાવાદ પોલીસે ઠગાઇના કેસમાં પકડ્યાની ખબર પડતાં તેના વિરૂધ્ધ રાજકોટમાં પણ ગુનો દાખલ કરાવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં કાલાવડ રોડ પર રહેતાં ટ્રાવેલ્સ સંચાલકને અચાનક જ વીસ વર્ષ પછી બાળપણના મિત્રએ ફોન કરી પોતે એરફોર્સમાં પ્રિન્સીપાલ છે, આમાં ડ્રાઇવરની નોકરી અપાવી દેશે તેમ કહી મિત્ર પાસેથી સાત લાખથી વધુ અને મિત્રના મિત્રો પાસેથી પણ આઠ લાખથી વધુની રકમ મળી સોળ લાખ મેળવી લીધા બાદ નોકરીના નકલી કોલલેટર મોકલી દઇ ઠગાઇ કરતાં ફરિયાદ થઇ છે. મુળ કચ્છના આ શખ્સને હાલ અમદાવાદ પોલીસે સકંજામાં લઇ પુછતાછ હાથ ધરી હતી. આ બનાવમાં કાલાવડ રોડ પર પ્રેમ મંદિરની પાછળ રૂડા-૨ની સામે સદ્દગુરૂ સોસાયટી-૩માં રહેતાં અર્જુનસિંહ જયવંતસિંહ જાડેજાની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે તેના જ જુના મિત્ર પ્રજ્ઞેશ હનુભા ગઢવી વિરૂધ્ધ રૂા. ૧૬ લાખની ઠગાઇનો ગુનો દાખલ કરાયો હતો.

વિગતો પર નજર કરીએ તો એરફોર્સમાં ડ્રાઇવરની




નોકરી કરાવી આપવાના નામે આ ઠગાઇ કરવામાં આવી હતી. અર્જુનસિંહ જાડેજા પરિવાર સાથે રહે છે અને શીવ ટ્રાવેલ્સ નામે વ્યવસાય કરે છે. અર્જુનસિંહે ફરિયમદાં જણાવ્યું છે કે તા. ૮/૬ના રોજ હું મોરબીથી રાજકોટ આવતો હતો ત્યારે ટંકારા પાસે પહોંચતા સાંજના પાંચેક વાગ્યે મારા ફોનમાં મારા જુના મિત્ર પ્રજ્ઞેશ હનુભા ગઢવીએ ફોન કર્યો હતો. તેણે વીસ વર્ષ બાદ મારો અચાનક કોન્ટેક્ટ કર્યો હતો. તે નાનાપણનો ભાઇબંધ હોઇ મને ફોનમાં જણાવેલ કે મારી નોકરી હાલ એરફોર્સમાં પ્રિન્સીપાલ તરીકેની છે અને હું ગાંધીનગરમાં ફરજ બજાવુ છું. આમાં તારે ડ્રાઇવર તરીકે નોકરીમાં લાગવું હોય તો મને કે તને લગાડી દઉ. જેથી મેં તેને આ નોકરી માટે હા પાડી હતી. ત્યારબાદ તેણે મને કહેલું કે આ નોકરીમાં લાગવા માટે તારે પૈસા આપવા પડશે. જેથી મેં તેની પણ હા પાડી હતી.

ત્યારબાદ આ ડ્રાઇવરની નોકરી મેળવવા માટે થઇને મેં તેને કટકે કટકે ઓનલાઇન રૂા. ૧૨,૩૦,૦૦૦ આપી દીધા હતાં. તેમજ બાકીના ૩,૭૦,૦૦૦ રોકડા દીધા હતાં. આમ કુલ રૂા. ૧૬ લાખ મેં તેને આપી દીધા હતા. આ ઉપરાંત તેણે મને બીજા કોઇ સગા વ્હાલાને નોકરીમાં રાખવાના હોય તો તેનું પણ જણાવવા કહ્યું હતું. જેથી મેં મારા સગા પરીચિતમામં હોય તેને પણ પૈસાથી નોકરી મળે છે તેવી વાત કરી હતી. આ પછી સાગરભાઇ સંજયભાઇ સોલંકી પાસેથી રૂા. ૧,૩૨,૦૦૦, પુર્વજીતસિંહ મહાવીરસિંહ રાણા પાસેથી રૂા. ૩,૨૨,૦૦૦, પૃથ્વીરાજસિંહ ઝાલા પાસેથી રૂા. ૨,૬૧,૦૦૦ અને ભવદિપસિંહ ક્રિપાલસિંહ જાડેજા પાસેથી ૮૬,૦૦૦ લઇને મેં પ્રજ્ઞેશ ગઢવીને આપ્યા હતાં.

આ ચારેયના ૮,૦૧,૦૦૦ અને મારા ૭,૯૯,૦૦૦ મળી કુલ ૧૬ લાખ મેં નોકરી મેળવવા માટે પ્રજ્ઞેશને આપી દીધા હતા. પરંતુ પ્રજ્ઞેશ આ રકમ મેળવી લધા બાદ આજ સુધી નોકરી અપાવતો નહોતો. વચ્ચે એક વખત તેને દબાણ કરતાં તેણે વ્હોટ્સએપમાં નોકરીનો કોલલેટર મોકલી આપ્યો હતો. પરંતુ બાદમાં ક્યારે હાજર થવાનું તેની કોઇ વિગતો તે આપતો ન હો તપાસ કરતાં ખબર પડી હતી કે ` પ્રજ્ઞેશને પૈસાની કોઇ મેટરમાં અમદાવાદ પોલીસે પકડ્યો છે.

વધુ તપાસમાં એ પણ જાણવા મળ્યું હતું કે તે એરફોર્સમાં નોકરી પણ કરતો નથી. આથી મેં યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં અર્જુનસિંહ જાડેજાએ જણાવતાં પીઆઇ કે. કે. ગોહિલની રાહબરીમાં હેડકોન્સ. જે. એન. લાઠીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અમાદાદમાં પ્રજ્ઞેશ ગઢવી વિરૂધ્ધ ગુનો નોંધાયો છે. જેમાં તેણે નોકરી અપાવવાના નામે મોટી ઠગાઇ કર્યાની વિગતો સામે આવી હોઇ રાજકોટ પોલીસ કબ્જો મેળવી આગળ કાર્યવાહી કરશે. આ શખ્સ મુળ કચ્છનો વતની છે. તેણે અનેકને નોકરીના નામે જાળમાં ફસાવી મોટી રકમ ઉસેડી લીધાની વિગતો સામે આવી હતી.

# ભાગીદારે કંપની વેંચી નાંખી માર્યુ છેતાલીસ લાખનું બૂચ

### ગોંડલના ગુંદાસરા ગામે કંપની શરૂ કરાઇ હતી

### ગોંડલ તાલુકા પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટઃ ઠગાઇના અવાર-નવાર બની રહેલા કિસ્સાઓમાં ઘણીવાર તો છેતરી જનાર પણ પરીચીત કે અંગત સગામાં થતો હોય છે. વધુ એક આવી ઠગાઇ સામે આવી હતી. જેમાં એક સ્ક્રેપના ધંધાર્થીને તેના જ ભાગીદારે લાખોનો ચૂનો લગાવ્યો હતો. રાજકોટના કોઠારીયા સોલવન્ટમાં રહેતા અને લોખંડના ભંગારનો ધંધો કરતા મુળ લોધીકાના વીરવા ગામનાં રમઝાનભાઇ સુમારભાઇ ઠેબા નાના છેતાલીસ વર્ષીય ધંધાર્થી સાથે તેના જ ભાગીદાર રાજકોટના રાજેશ જીવણભાઇ ખાંટએ આ ઠગાઇ કર્યાનો આરોપ મુકાયો હતો.




આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર ગોંડલના ગુંદાસરા ગામે રૂદ્ર ઓટો ફોર્જીંગ નામથી ભાગીદારીમાં કંપની ખોલી લોન થતી નથી કહી પેઢી વેચીનાખી તેના નિકળતા રૂા. ૪૬ લાખ નહી આપી છેતરપીંડી કર્યાની ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતાં તપાસ શરૂ થઇ છે. રમઝાનભાઇએ પોલીસ ફરીયાદમાં જણાવ્યું કે, ૧૯૯૮ થી રાજેશ ખાંટ ના ફોર્જીનના શાપર ખાતે આવેલ કારખાનામાં કામ કરતો હતો, પાંચેક વર્ષ પહેલા રાજેશ ખાંટ તથા નીલેશભાઈ ખાંટ સાથે ભાગીદારી માં ફોર્જીનનુ કારખાનુ રૂદ્ર ઓટો ફોર્જીંગ ના નામે બનાવવાનું નક્કી કરી ગુંદાસરા ગામ નજીક પ્લોટ ખરીદ કરેલ કારખાનાનું બાંધકામ ચાલુ કર્યુ હતું.

આ બાંધકામ માટે લોન લેવાનુ નક્કી કરેલ હતું. પરંતુ પ્લોટ અમારા ત્રણેયના ભાગમાં હતો જેથી લોન થતી ન હોવાનું જણાવી રાજેશ ખાંટે તેની તેમજ તેમના ભાઈ નીલેશભાઈ ખાંટ નો હક્ક જતો કરી પેઢીનો ભાગીદારી ફેરફાર કરી રાજેશ ખાંટ તથા તેમની પત્ની ભાવનાબેનના નામ પર કરી આપેલ હતો. ત્યારબાદ લોન થઈ જતા કંપની ચાલુ થયેલ હતી.

આ કંપનીમાં તેનુ રોકાણ ૪૨ લાખ રૂપીયા હતુ. કંપની ચાલુ હતી તે વખતે કંપનીના કામ માટે તેના નામે એક હેરીયર ગાડી ખરીદેલ હતી જેના હપ્તા જે તે સમયે કંપની ભરતી હતી. થોડા વર્ષો કંપની ચલાવ્યા બાદ સને ૨૦૨૫ માં આ કંપની વેચવા કાઢી હતી. જે નંદાભાઈ અને વસંતભાઈને રૂ.૪ કરોડ ચાલીસ લાખ રૂપીયામા વેચાણ કરી નાખી હતી.

કંપની વેચતા તેના ભાગમાં ૬૦ લાખ રૂપીયા લેવાના નીકળતા હતા, જે રૂપીયા રાજેશભાઇ ખાંટે આપેલ નહીં. જેથી તેને અવાર નવાર માંગણી કરતા ફેબ્રુઆરી ૨૦૨૬મા સમાધાન થતા પોતાના પાસે રહેલ હેરીયર ગાડી આ રાજેશને આપી અને ૬૦ લાખ રૂપીયા આપવાનું નક્કી થયુ હતું. ત્યારબાદ આ રાજેશે અત્યાર સુધીમા કૂલ ૧૪ લાખ રૂપીયા આપી બાકીના ૪૬ લાખ રૂપીયા ન આપી છેતરપીંડી કરી હતી. એફઆઇઆરના આરોપો અંગે પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.

### સતત કોઇને કોઇ લેભાગુઓ કારસ્તાનને અંજામ આપે છે છતાં લોકો જાગતા નથી

# વર્ક પરમીટના નામે પંદર જણાને સવા કરોડનો ચૂનો

## પોલેન્ડ, ફીનલેન્ડ, કેનેડાના વિઝા અપાવી દેવાના નામે નાણા ઉઘરાવી ઓફિસ સંચાલક ગાયબ થઇ ગયોઃ પોલીસે ગુનો દાખલ કરી શોધખોળ શરૂ કરી

રાજકોટઃ વિદેશના વર્ક પરમીટ વિઝા અપાવવાના નામે થઇ રહેલી ઠગાઇની ઘટનાઓમાં રોજબરોજ નવા નવા લોકો છેતરાયેલાઓના લિસ્ટમાં સામેલ થતા જ રહે છે. વધુ એક વખત લેભાગુ કહેવાતા એજન્ટોએ મોટી ઠગાઇ કરી લીધી છે. જેમાં પોલેન્ડ, ફિનલેન્ડ, કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાના નામે પંદર જેટલા યુવાનો, લોકો સાથે એક કરોડ ત્રેવીસ લાખની ઠગાઇ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં તિરુપતિ ઈમિગ્રેશન કન્સલ્ટન્સીના સંચાલક પિતા-પુત્રએ કેનેડા, ફિનલેન્ડ અને પોલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે ૧૫થી વધુ લોકો પાસેથી એક કરોડ ત્રેવીસ લાખની છેતરપિંડી આચરી હતી. નડિયાદના એક કન્સલ્ટન્ટની ફરિયાદના આધારે અકોટા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. નડિયાદના છત્રીસ વર્ષીય કન્સલ્ટન્ટ પરિવાર સાથે વિદેશ જવાની તૈયારી કરી રહ્યા હતા. મિત્ર મારફતે તેઓ અલકાપુરીની તિરુપતિ ઈમિગ્રેશન કન્સલ્ટન્સીની ઓફિસે ગયા હતા. ત્યાં સંચાલક જિજ્ઞાસુ પટવાએ કેનેડા વર્ક પરમિટ વિઝાની પ્રક્રિયા માટે રૂપિયા ૯.૫૦ લાખનો ખર્ચ હોવાનું જણાવી કરાર કર્યો હતો. આઇઇએલટીએસ ક્લાસના નામે તેમના પુત્ર કશ્યપ પટવાએ રૂપિયા પચાસ હજાર રોકડા લીધા હતાં.

ત્યારબાદ કેનેડા વર્ક પરમિટની -ક્રિયા માટે અલગ-અલગ તારીખે ચેક મારફતે કુલ રૂપિયા ૮.૫૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. આ ઉપરાંત ઝડપી કામગીરીના બહાને વધુ ૨ લાખ રૂપિયા લેવામાં આવ્યા હતા. આમ, મોટી રકમ ચૂકવ્યા બાદ પણ વર્ક પરમિટની પ્રક્રિયા પૂર્ણ કરી ન હતી અને કન્સલ્ટન્સી તરફથી માત્ર ફોન અને ઈ-મેઈલ મારફતે આશ્વાસન આપવામાં




આવતું હતું. વિઝા રિજેક્ટ થયો હોવાની જાણ પણ કરવામાં આવી ન હતી. આ ઉપરાંત પિતા-પુત્રે અન્ય લોકો પાસેથી પણ કેનેડા, ફિનલેન્ડ અને પોલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને લાખો રૂપિયા લીધા હતા.

તેમાં વડોદરા, નડિયાદ, આણંદ, સુરત અને ભરૂચ સહિતના વિસ્તારોના લોકોનો સમાવેશ થાય છે. અલગ-અલગ વ્યક્તિઓ પાસેથી ૧૧ લાખ, ૧૩.૫૦ લાખ, ૯.૫૦ લાખ, ૧.૫૦ લાખ, ૩.૭૫ લાખ, ૧૧ લાખ, ૧૧.૫૦ લાખ, ૧૧ લાખ, ૨.૩૩ લાખ, ૨.૩૩ લાખ, ૧૧ લાખ, ૫ લાખ, ૧૧ લાખ, ૬.૧૫ લાખ અને ૧.૫૦ લાખ જેવી રકમ ઓનલાઈન તેમજ રોકડ સ્વરૂપે લીધી હતી. કુલ ૧,૨૩,૦૬,૦૦૦ રૂપિયા લીધા હતા અને વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે નાણાં લીધા બાદ યોગ્ય વિઝા -ક્રિયા નહીં કરી છેતરપિંડી કરી હતી. પોલીસે ફરિયાદના આધારે સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી.

આ પ્રકારે રોજબરોજ રાજ્યભરમાં કોઇને કોઇ યુવાન કે પરિવારજનો વર્ક પરમીટ વિઝાના નામે છેતરાતા રહે છે. ગમે તેવા કહેવાતા એજન્ટો પોતે વર્ક પરમીટ કરાવી જ આપશે તેવા આંબા આંબલી બતાવી હજારોથી માંડી લાખોની રકમ પડાવી લેતાં હોય છે. પરંતુ અલગ અલગ બહાના બતાવ્યા બાદ નકલી વિઝા ધાબડી દઇને કે પછી કોઇપણ કાર્યવાહી કર્યા વગર જે તે ઓફિસને તાળા મારી ભાગી જતાં હોય છે. સતત આ પ્રકારના કિસ્સા કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં નોંધાયા કરે છે. જેમાં વધુ એક વખત આ ઠગાઇ થઇ હતી. જેમાં સવા કરોડ આસપાસનું ફ્રોડ વર્ક પરમીટના નામે થઇ જતાં ચકચાર મચી ગઇ હતી.

### કાળા કારોબારના કસાઈઓ માત્ર નફાની લાલચમાં લિક્વિડ નહીં, પણ બોટલોમાં 'ધીમું ઝેર' વેચી રહ્યા છે

# ભાવનગર લઠ્ઠાકાંડ | મિથેનોલ-ઓક્સિટોસિનનું જીવલેણ કોકટેલ

## કાયદાની છટકબારીઓ વચ્ચે હોમાતા માસુમ જિંદગીઓ : ચેતાતંત્ર પર સીધો હુમલો, કાયમી અંધાપો અને મલ્ટિપલ ઓર્ગન ફેઈલ્યોર

રાજકોટ, તા. ૨૨

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવા છતાં અવારનવાર સર્જાતી લઠ્ઠાકાંડની દુર્ઘટનાઓ રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ ગેરકાયદેસર દારૂના કાળો કારોબાર સામે ગંભીર સવાલો ઊભા કરે છે. તાજેતરમાં ભાવનગરમાં નકલી વિદેશી દારૂ પીવાના કારણે આઠ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૩૯થી વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટનાએ ૨૦૨૨ના બોટાદ-અમદાવાદ લઠ્ઠાકાંડ (૪૦થી વધુ મોત) અને ૨૦૦૯ના અમદાવાદ કાંટોળિયા વાસના કરુણ દ્રશ્યો તાજા કરી દીધા છે.

પોલીસ એફ.આઈ.આર. અનુસાર, આ આખી ઘટના પાછળ એક અત્યંત સંગઠિત અને જોખમી નેટવર્ક કામ કરી રહ્યું હતું. આરોપીઓ નકલી દારૂ બનાવવાનું રો-મટીરિયલ લેવા અમદાવાદ ગયા હતા. સરખેજ અને અન્ય વિસ્તારોમાંથી ટ્રાન્સપોર્ટ મારફતે વ્હાઈટ લિક્વિડ, ખાલી બોટલો, ઢાંકણાં, સ્ટીકરો અને અતિ ઝેરી મિથેનોલ કેમિકલ મેળવવામાં આવ્યું હતું. ભાવનગરમાં આરોપી ગૌતમના ઘરે પ્રથમ તબક્કે આશરે ૫૧ પેટી નકલી દારૂ બનાવી છૂટક વેચાણ કરવામાં આવ્યું હતું. બીજી વાર બનાવાયેલો દારૂ ઝેરી બનતા તેનો નાશ કરાયો હતો. ત્યારબાદ રઈસ નામના આરોપીએ મધ્યપ્રદેશથી નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે 'ડોક્ટર'ને ખાસ માર્ગદર્શન માટે બોલાવ્યો હતો. લોકોના જીવનું જોખમ હોવાની પૂરી જાણ હોવા છતાં, માત્ર પૈસાની લાલચમાં આરોપીઓએ ૩૫ પેટી મિથેનોલયુક્ત ઝેરી દારૂ બનાવી ભાવનગરના સ્થાનિક બુટલેગરો અને પીનારાઓને પહોંચાડ્યો હતો.

આ ઘટના દર્શાવે છે કે ઔદ્યોગિક કેમિકલ્સ અને મિથેનોલના સપ્લાય ચેઇન પર યોગ્ય મોનિટરિંગનો અભાવ છે. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાંથી અસામાજિક તત્વો આવીને સ્થાનિક સ્તરે ઝેર પીરસવાનું નેટવર્ક ચલાવે છે. ચોક્કસ નફા માટે માનવ જિંદગી સાથે રમત રમતા બુટલેગરો અને આ કેમિકલ ક્યાંથી લીક થાય છે તે સપ્લાયરો સામે કડકમાં કડક કાર્યવાહી થવી જરૂરી છે.

### ઈથેનોલ અને મિથેનોલ : દેશી દારૂનું જીવલેણ રસાયણશાસ્ત્ર

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવા છતાં અવારનવાર સર્જાતી લઠ્ઠાકાંડની દુર્ઘટનાઓ રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ ગેરકાયદેસર દારૂના કાળો કારોબાર સામે ગંભીર સવાલો ઊભા કરે છે. તાજેતરમાં ભાવનગરમાં નકલી વિદેશી દારૂ પીવાના કારણે આઠ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૩૯થી વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટનાએ ૨૦૨૨ના બોટાદ-અમદાવાદ લઠ્ઠાકાંડ (૪૦થી વધુ મોત) અને ૨૦૦૯ના અમદાવાદ કાંટોળિયા વાસના કરુણ દ્રશ્યો તાજા કરી દીધા છે. પોલીસ એફ.આઈ.આર. અનુસાર, આ આખી ઘટના પાછળ એક અત્યંત સંગઠિત અને જોખમી નેટવર્ક કામ કરી રહ્યું હતું. આરોપીઓ નકલી દારૂ બનાવવાનું કાચું મટીરિયલ ખરીદવા અમદાવાદ ગયા હતા અને સરખેજ તથા અન્ય વિસ્તારોમાંથી ટ્રાન્સપોર્ટ મારફતે વ્હાઈટ લિક્વિડ, ખાલી બોટલો, ઢાંકણાં, સ્ટીકરો અને અતિ ઝેરી મિથેનોલ કેમિકલ મેળવ્યું હતું. ત્યારબાદ ભાવનગરમાં આરોપી ગૌતમના ઘરે પ્રથમ તબક્કે આશરે ૫૧ પેટી નકલી દારૂ બનાવી છૂટક વેચાણ કરવામાં આવ્યું હતું. બીજી વાર બનાવાયેલો દારૂ ઝેરી બનતા તેનો નાશ કરાયો હતો, જેથી આરોપીઓએ મધ્યપ્રદેશથી નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે 'ડોક્ટર'ને ખાસ માર્ગદર્શન માટે બોલાવ્યો હતો. લોકોના જીવનું જોખમ હોવાની પૂરી જાણ હોવા છતાં, માત્ર પૈસાની લાલચમાં આરોપીઓએ ૩૫ પેટી મિથેનોલયુક્ત ઝેરી દારૂ બનાવી ભાવનગરના સ્થાનિક બુટલેગરો અને પીનારાઓને પહોંચાડ્યો હતો. મિથેનોલયુક્ત ઝેરી દારૂ શરીરમાં જતાં જ તીવ્ર રાસાયણિક પ્રક્રિયા શરૂ થાય છે, જેનાથી આંતરિક અંગો તુરંત કામ કરતા બંધ થઈ જાય છે અને વ્યક્તિનું મોત નીપજે છે. લિંકન કાઉન્ટી હોસ્પિટલના કન્સલ્ટન્ટ વિકાસ સોડીવાલાના જણાવ્યા અનુસાર, મિથેનોલ પીધા બાદ તે મધ્યસ્થ ચેતાતંત્ર પર હુમલો કરે છે અને આંખની પાછળ આવેલી મુખ્ય નેત્રચેતાને ભારે નુકસાન પહોંચાડે છે.



### મિથેનોલ પોઈઝનિંગનાં લક્ષણો શું?

મિથેનોલએ દારૂમાં વપરાતા સામાન્ય ઈથેનોલ જેવું જ દેખાતું, પરંતુ માનવ શરીર માટે અત્યંત ઘાતક કેમિકલ છે. તેની અલ્પ માત્રા પણ શરીરમાં જતાં જ એક ધીમા ઝેરની જેમ કામ કરવાનું શરૂ કરે છે. મિથેનોલ પીધા બાદ તે સીધું મધ્યસ્થ ચેતાતંત્રને નુકસાન પહોંચાડે છે. શરૂઆતમાં સામાન્ય નશો કે ચક્કર આવવા જેવા લક્ષણો દેખાય છે, પણ અંદરથી તે મગજ અને ચેતાઓને બાનમાં લઈ લે છે. લિંકન કાઉન્ટી હોસ્પિટલના કન્સલ્ટન્ટ વિકાસ સોડીવાલાના જણાવ્યા અનુસાર, મિથેનોલ આંખની પાછળ આવેલી મુખ્ય નેત્રચેતા પર સીધો હુમલો કરે છે. આનાથી દર્દીની દૃષ્ટિ ઝાંખી પડી જાય છે અને મોટાભાગના કિસ્સાઓમાં કાયમી અંધાપો આવી જાય છે. નકલી કે ઝેરી શરાબ પીધા પછી દર્દીમાં અચાનક સતત ઊબકા આવવા, પેટમાં તીવ્ર દુખાવો, ઊલટી થવી અને ચક્કર આવવા જેવા ગંભીર લક્ષણો જોવા મળે છે. ઝેરી દારૂના કિસ્સામાં સૌથી કરુણ બાબત એ છે કે દર્દીને સમયસર ઉત્તમ અને આધુનિક તબીબી સારવાર મળે તો પણ તેની ખોવાયેલી દૃષ્ટિ પાછી લાવવી કે તેને અંધાપાથી બચાવવું ડોક્ટરો માટે લગભગ અશક્ય બની જાય છે.

### મિથેનોલ : મોતનું મુખ્ય કારણ

રાજ્યમાં બનતી મોટાભાગની લઠ્ઠાકાંડની ઘટનાઓમાં 'મિથેનોલ' મુખ્ય વિલન સાબિત થાય છે. આ એક ઔદ્યોગિક સોલ્વન્ટ છે, જે માનવ શરીર માટે અત્યંત ઝેરી છે. જ્યારે દારૂની તીવ્રતા વધારવા કે ઝડપથી કમાણી કરવા માટે ઈથેનોલની જગ્યાએ મિથેનોલ ભેળવવામાં આવે છે, ત્યારે તે શરીરમાં જઈ ફોર્મિક એસિડ ઉત્પન્ન કરે છે. આનાથી આંખોની રોશની જવી, લીવર-કિડની ફેલ થવા અને અંતે વ્યક્તિનું મોત નિપજવું જેવા ગંભીર પરિણામો આવે છે.

### બજારમાં ઝેરી શરાબનો ફેલાવો

બુટલેગરો અને અસામાજિક તત્વો માત્ર આર્થિક ફાયદા માટે અજાણ્યા સ્ત્રોતો, સ્થાનિક દુકાનો કે 'કાર બૂટ સેલ્સ' વાહનોના ટ્રંકમાંથી થતું ગેરકાયદે વેચાણ દ્વારા આવો ઝેરી દારૂ વેચે છે. સામાન્ય લોકોને ખ્યાલ પણ નથી હોતો કે સસ્તા કે નકલી બ્રાન્ડેડ દારૂના નામે તેઓ જે પી રહ્યા છે, તે તેમના જીવનભરની રોશની છીનવી લેવા માટે પૂરતું છે.

### કાચા દારૂમાં કેમિકલ્સનું જીવલેણ કોકટેલઃ ઓક્સિટોસિન અને મિથાઈલ આલ્કોહોલ

ગેરકાયદેસર કાચા દારૂની તીવ્રતા અને નશો વધારવા માટે બુટલેગરો તેમાં ઓક્સિટોસિન અને યુરિયા જેવાં અત્યંત જોખમી કેમિકલ્સ ભેળવે છે. આ ઝેરી રાસાયણિક મિશ્રણને કારણે દારૂમાં 'મિથાઈલ આલ્કોહોલ' (મિથેનોલ) બની જાય છે, જે સીધું મોતનું કારણ બને છે. મિથાઈલ આલ્કોહોલ શરીરમાં જતાં જ તીવ્ર કેમિકલ રિએક્શન થાય છે, જેથી શરીરના મહત્વના આંતરિક અંગો તુરંત કામ કરતા બંધ થઈ જાય છે અને વ્યક્તિનું મૃત્યુ નીપજે છે. ઓક્સિટોસિનના સેવનથી સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ અને ચેતાતંત્રને ભારે નુકસાન થાય છે. આંખોમાં તીવ્ર ખંજવાળ, બળતરા તથા પેટમાં ઉપડતો અસહ્ય દુખાવો લાંબા ગાળે કે ટૂંકા સમયમાં દૃષ્ટિ કાયમ માટે છીનવી લે છે.

# ખાનગી શાળાઓને ટક્કર આપે તેવી ૬ સરકારી શાળાઓ થશે સજ્જ

### ગર પ્રાથમિક શિક્ષણ સમિતિનો આધુનિકીકરણ પ્રોજેક્ટ




રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શહેરમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવા માટે એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. શિક્ષણ સમિતિ દ્વારા જર્જરિત શાળાઓને નવસાધ્ય કરી ખાનગી શાળાઓ જેવી જ આધુનિક સુવિધાઓ પૂરી પાડવાના પ્રયાસના ભાગરૂપે શહેરમાં ૬ નવી સરકારી શાળાઓનું આધુનિકીકરણ હાથ ધરાયું છે. જે અંતર્ગત ૩ શાળાનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે અન્ય ૩ શાળાઓનું બાંધકામ અત્યારે પૂરજોશમાં ચાલી રહ્યું છે, જે આગામી આઠ મહિનામાં વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મુકવામાં આવશે.

કામગીરીની વિગતો જોઈએ તો ભક્તિનગર સર્કલ પાસે આવેલી ડો. એની બેસન્ટ પ્રાથમિક શાળા (શાળા નં.૨૬) અને રૈયાનાકા ટાવર પાસે આવેલી વર્ષો જૂની બાવાજીરાવ પ્રાથમિક શાળાનું કામ પૂર્ણ થઈ ગયું છે. જ્યારે રાષ્ટ્રીય શાળા પાસે આવેલી મહાત્મા ગાંધી સ્કૂલ (શાળા નં.૧૧)નું કામ આગામી ૩થી ૪ માસમાં પૂર્ણ થશે. આ ઉપરાંત બજરંગવાડીમાં આવેલી ડો. હેડગેવાર શાળા (શાળા નં.૭૪), અમૃત ઘાયલ હોલ પાસે આવેલી શિવ શક્તિ શાળા અને શાળા નંબર ૪૭ અકબરી પ્રાથમિક શાળાનું બાંધકામ આગામી ૬થી ૮ માસમાં પૂર્ણ કરવામાં આવશે.

મહાનગરપાલિકા અને રાજ્ય સરકારના 'સર્વ શિક્ષા અભિયાન'ના સંયુક્ત સહયોગથી તૈયાર થઈ રહેલી આ નવી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ખાસ અને અદ્યતન સુવિધાઓ ગોઠવવામાં આવી છે. જેમાં ૨૦x૨૦ ના વિશાળ અને હવા-ઉજાસવાળા રૂમો તૈયાર કરાયા છે અને દરેક રૂમ તથા લોબીમાં ૪-૪ પંખાઓ મુકાયા છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે અલગથી પ્રાર્થના હોલ, મધ્યાહન ભોજન માટે વિશેષ શેડ અને રમતના મેદાનની પણ ઉત્તમ સુવિધા ઉભી કરાઈ છે, જેથી બાળકોને અભ્યાસની સાથે ઉત્તમ વાતાવરણ મળી રહે.

### સરકાર અને રેલવે વિભાગ પાસે માગ્યો વિગતવાર રિપોર્ટ

# એશિયાટિક સિંહોના અકાળે મોત મુદ્દે હાઈકોર્ટ લાલઘૂમ



રાજકોટ, તા. ૨૨

ગુજરાતના ગૌરવ સમાન એશિયાટિક સિંહોના આકસ્મિક મોતની ઘટનાઓને ગુજરાત હાઈકોર્ટે અત્યંત ગંભીરતાથી લીધી છે. તાજેતરમાં હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ કર્યું કે સિંહો દેશની શોભા છે અને તેમના રક્ષણ માટે માત્ર કામચલાઉ ઉપાયો પૂરતા નથી, પરંતુ લાંબા ગાળાની અસરકારક નીતિ ઘડવી જરૂરી છે. સિંહોના અકાળે થતા મૃત્યુ અટકાવવા માટે હાઈકોર્ટે રાજ્ય સરકાર અને રેલવે વિભાગ પાસેથી અત્યાર સુધી લેવાયેલા પગલાં અંગે વિગતવાર અહેવાલ અને જવાબ તલબ કર્યો છે.

સિંહો જ્યારે રેલવે લાઇન કે અન્ય જોખમી વિસ્તારમાં પ્રવેશે ત્યારે તુરંત જાણ થઈ શકે તે માટે 'ઇન્ટ્રુશન ડિટેક્શન ડિવાઇસ' અંગે થતી કાર્યવાહીનો મુદ્દો પણ સુનાવણીમાં સામે આવ્યો હતો. કોર્ટે રાજ્ય સરકાર અને રેલવે વિભાગને પરસ્પર સંકલન જાળવીને કામ કરવા સૂચના આપી છે. આ ઉપરાંત, આ મુદ્દે રચાયેલી સંયુક્ત કમિટીને અત્યાર સુધી થયેલી કામગીરીનો વિગતવાર પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવા આદેશ કરાયો છે. હવે રાજ્ય સરકાર અને રેલવે વિભાગ દ્વારા હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવનારા અહેવાલ પર આ મામલે આગામી કાર્યવાહી અને સિંહોના સંરક્ષણની ભવિષ્યની દિશા નિર્ભર રહેશે.

ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહોની અવરજવર વાળા માર્ગો પર રેલવે લાઇન અને ખુલ્લા કૂવાઓ સિંહો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. આ અંગે કોર્ટે નીચે મુજબના મુખ્ય નિર્દેશો આપ્યા છે. જેમાં રેલવે લાઇન નજીક યોગ્ય ફેન્સિંગ અને સુરક્ષાત્મક વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.ગીર વિસ્તારના તમામ ખુલ્લા કૂવાઓને વહેલી તકે ઢાંકીને સુરક્ષિત કરવા. વન્યજીવોની બિન-અવરોધિત અવરજવર માટે અંડરપાસની યોગ્ય સફાઈ, જાળવણી અને નિયમિત દેખરેખ રાખવી જરૂરી બનાવી છે.

### પોલીસ વિભાગનો ઐતિહાસિક નિર્ણય : અલગ-અલગ ફરજ અને પારિવારિક મુશ્કેલીઓનો અંત

# પરિવાર સાથે રહેવા માટે એકસાથે ૪૧૫ કર્મચારીઓની બદલી

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત પોલીસ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે ઈતિહાસમાં પહેલીવાર એક અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા સરકારી સેવામાં હોય પરંતુ અલગ-અલગ સ્થળે ફરજ બજાવતા હોય તેવા પતિ-પત્નીના કિસ્સાઓને ધ્યાનમાં રાખીને એકસાથે ૪૧૫ પોલીસ કર્મચારીઓની બદલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પોલીસ કર્મચારીઓના પારિવારિક જીવનને સુખદ બનાવવા અને તેમની મુશ્કેલીઓ દૂર કરવાના હેતુથી લેવાયેલા આ નિર્ણયની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે.

પોલીસ વિભાગમાં ફરજની અનિવાર્યતા અને કડક જરૂરિયાતોને કારણે ઘણી વખત કર્મચારીઓ અને તેમના જીવનસાથીને અલગ-અલગ જિલ્લા કે સ્થળે રહેવાની ફરજ પડે છે. તેના કારણે પરિવાર સાથે સમય વિતાવવા, બાળકોના ઉછેર અને અન્ય સામાજિક જવાબદારીઓ નિભાવવામાં ભારે મુશ્કેલીઓ ઊભી થતી હતી. રજૂ થયેલી વિવિધ અરજીઓની ગંભીરતાથી નોંધ લઈને અને પતિ-પત્ની બંને સરકારી સેવા સાથે જોડાયેલા હોય તેવા કિસ્સાઓની યોગ્ય સમીક્ષા કરીને આ બદલીઓ કરવામાં આવી છે. આમ, કુલ ૨૭ ASI, ૩૩ હેડ કોન્સ્ટેબલ અને ૩૫૫ કોન્સ્ટેબલ મળીને ૪૧૫ કર્મચારીઓની બદલી કરીને ગૃહ વિભાગે તેમની ફરજની સાથે માનવીય સ્પર્શ અને પારિવારિક સુખાકારીને પણ પ્રાધાન્ય આપ્યું છે.




### બદલીની વિગતવાર માહિતી

**આ નિર્ણય હેઠળ વિવિધ કેડરના કુલ ૪૧૫ કર્મચારીઓને પરિવાર સાથે રહેવાનો લાભ મળ્યો છે.**

- ASI (સહાયક સબ ઈન્સ્પેક્ટર) : લાંબા સમયથી અલગ-અલગ સ્થળે ફરજ બજાવતા ૨૭ ASI અધિકારીઓની બદલી કરવામાં આવી છે.
- હેડ કોન્સ્ટેબલ : પારિવારિક જવાબદારીઓ અને ફરજ વચ્ચે સંતુલન જાળવી શકાય તે માટે ૩૩ હેડ કોન્સ્ટેબલને રાહત આપવામાં આવી છે.
- પોલીસ કોન્સ્ટેબલ : આ નિર્ણયમાં સૌથી મોટો લાભ ૩૫૫ પોલીસ કોન્સ્ટેબલને મળ્યો છે, જેમની પતિ-પત્નીના કિસ્સા હેઠળ બદલી કરાઈ છે.